અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત


21 JUNE-2026 SUNDAY | Vol. : 17 | Issue : 349 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad


Ahmedabad

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 20 9-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3 
ઈરાન યુદ્ધમાં દુનિયામાંથી 115 કરોડ બેરલ તેલ ગાયબ : ઓઈલ રિઝર્વ 36 વર્ષમાં સૌથી ઓછું; ટ્રમ્પે કહ્યું- 4 અઠવાડિયામાં ભંડાર ખતમ થઈ જાત

4 
આજે યોગ દિવસે, યોગને જીવન અંગ બનાવી વિશ્વને શાંતિની અણમોલ ભેટ આપીએ

6 
એક્ટર્સના પેમેન્ટ રોકી દેવા પર ભડકી શિલ્પા શિંદે, કહ્યું- શાકભાજી વેચીશ, પણ પ્રોડ્યુસર સામે હાથ લાંબા નહીં કરું

7 
રેસ્ટોરન્ટમાં ગ્રાહકો જાતે રાંધે કોરિયન નૂડલ્સ, ખર્ચ અડધો : ઓછું રોકાણ, ઉચ્ચ માર્જિનવાળા 'સેલ્ફ-સર્વિસ રામ્યન બાર' બની રહ્યા છે રેસ્ટોરન્ટ માલિકોની પસંદ

### શનિવારનો મહાપ્રસાદ લેવા ભારે ભીડ હતી

# મહારાષ્ટ્રમાં હનુમાન મંદિરની છત તૂટી, 7નાં મોત : 25 લોકો ગંભીર રીતે ઘાયલ

## બચાવ કાર્ય માટે પહોંચેલી જિલ્લા પ્રશાસનની ટીમોએ લગભગ 10 ઘાયલોને હોસ્પિટલ પહોંચાડ્યા છે

**પરભણી, તા.20**

મહારાષ્ટ્રના પરભણી જિલ્લામાં યશવાડી દેવસ્થાનમાં આવેલા હનુમાન મંદિરના હોલની છત તૂટી પડી. અહેવાલો અનુસાર, અહીં મંદિરની બરાબર સામે સભામંડપ બનાવવાનું કામ ચાલી રહ્યું હતું. બપોરના સમયે લોકો પ્રસાદ લઈ રહ્યા હતા. અચાનક મંદિરનું માળખું ધસી પડ્યું.





આ ઘટનાના CCTV ફૂટેજ પણ સામે આવ્યા છે. અત્યાર સુધી સભામંડપના કાટમાળમાંથી 7 મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા છે. આ દુર્ઘટનામાં 30થી 40 શ્રદ્ધાળુઓ ઘાયલ થયા છે. જ્યારે 10 લોકોને હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા છે.

શનિવાર હોવાને કારણે મંદિરમાં કીર્તન અને મહાપ્રસાદ લેવા માટે ભીડ હતી. પોલીસ અને સ્થાનિક પ્રશાસન ઘટનાસ્થળે બચાવ કામગીરી ચલાવી રહ્યા છે.

રિપોર્ટ્સ અનુસાર, પરભણીના હનુમાન મંદિરની બરાબર સામે સભા મંડપનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું હતું. આ જ સભા મંડપની છત અચાનક ધરાશાયી થઈ ગઈ. કાટમાળ, સળિયા સહિત પથ્થરો પડતા જ અફરા-તફરી મચી ગઈ. દર્શન માટે આવેલા લોકો કાટમાળ નીચે દબાઈ ગયા. બચાવ કાર્ય માટે પહોંચેલી જિલ્લા પ્રશાસનની ટીમોએ લગભગ 10 ઘાયલોને હોસ્પિટલ પહોંચાડ્યા છે. મહારાષ્ટ્રના પરભણી જિલ્લાના માનવત તાલુકા સ્થિત પ્રસિદ્ધ યશવાડી મારુતિ મંદિર પરિસરમાં આજે શનિવારે મોટી દુર્ઘટના સર્જાઈ. મંદિરમાં સભામંડપની છત અચાનક કડડભૂસ થઈને તૂટી પડી હતી. જેમાં 5થી વધુ લોકોના મોત થયા છે તો 25થી વધારે લોકો ઘાયલ થયા છે. દુર્ઘટના સમયે મંદિર પરિસરમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ હાજર હતા, છત પડતાં જ નાસભાગ મચી ગઈ. જેના લાઈવ સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે.

પ્રાથમિક માહિતી અનુસાર, સભામંડપના કાટમાળમાં આશરે 30થી 40 લોકો દટાયા હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. દુર્ઘટનામાં અનેક શ્રદ્ધાળુઓ ઘાયલ થયા હોવાના સમાચાર છે, જ્યારે કેટલાક લોકોના મોતની પણ આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. જો કે, મૃતકો અને ઘાયલોની સંખ્યા અંગે વહીવટીતંત્ર તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. ઘટનાની માહિતી મળતાં જ જિલ્લા વહીવટીતંત્ર, પોલીસ અને રાહત-બચાવ દળ ઘટનાસ્થળે પહોંચી ગયા. બચાવ કામગીરી યુદ્ધના ધોરણે ચાલુ છે અને કાટમાળમાં ફસાયેલા લોકોને બહાર કાઢવાનો પ્રયાસ સતત કરવામાં આવી રહ્યો છે. ઘાયલોને હૉસ્પિટલ પહોંચાડવા માટે એમ્બ્યુલન્સની વ્યવસ્થા કરવામાં આવી છે. અધિકારીઓનું કહેવું છે કે પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે અને ટૂંક સમયમાં જ વિગતવાર માહિતી શેર કરવામાં આવશે.

# આરતી સાંગાણી બાદ વધુ એક પાટીદાર સિંગરના પ્રેમલગ્નનો વિવાદ

**સુરત, તા.20**

તાજેતરમાં જ ભારે ચર્ચામાં આવેલા પાટીદાર સમાજની દીકરી આરતી સાંગાણીના આંતરજ્ઞાતીય લગ્નનો વિવાદ હજુ શાંત પડ્યો નથી, ત્યાં સુરત પાટીદાર સમાજમાંથી વધુ એક ચિંતાજનક કિસ્સો સામે આવ્યો છે. સુરતની પાટીદાર સમાજની ઉભરતી લોકગાયિકા રિદ્ધિ રાજપરાએ મ્યુઝિક રિધમ આર્ટિસ્ટ (ડ્રમર) જયેશ વાઘેલા સાથે ભાગીને લગ્ન કરી લેતા પાટીદાર સમાજની લાગણી દુભાઈ છે અને સોશિયલ મીડિયા પર આક્રોશ ફાટી નીકળ્યો છે.



**પાટીદાર સમાજના સ્ટેજ પર 'નો એન્ટ્રી', હિરેન રુદ્રાનું આહવાન**

આ ઘટના પ્રકાશમાં આવતા જ પાટીદાર સમાજના અગ્રણી હિરેન ભેસાણીયા (રુદ્રા) એ ફેસબુક પર આક્રમક પોસ્ટ મૂકીને સમગ્ર સમાજને જાગૃત થવા અપીલ કરી છે. તેમણે પાટીદાર સમાજના તમામ મંડળો, સંસ્થાઓ અને આયોજકોને સંગઠિત થવા આહવાન કર્યું છે કે, હવે પછી સમાજના એક પણ સામાજિક, ધાર્મિક કે રાસોત્સવના કાર્યક્રમમાં ગાયિકા રિદ્ધિ રાજપરા અને રિધમ પ્લેયર જયેશ વાઘેલાને મંચ પર સ્થાન આપવામાં ન આવે. સમાજના ગૌરવ અને સંસ્કારોને ઠેસ પહોંચાડનારા કલાકારોનો સામાજિક સ્તરે બહિષ્કાર થવો જોઈએ તેવી માગ ઉઠી છે.

**સમાજના અગ્રણીએ દીકરીનું ઘર બચાવવા કર્યા હતા પ્રયાસો**

હિરેન રુદ્રાએ પોસ્ટમાં ખુલાસો કર્યો હતો કે, આ મામલે સમાજ સ્તરે દીકરીને બચાવવાના પૂરતા પ્રયત્નો કરવામાં આવ્યા હતા. આ કપલ ગત 20મે 2026ના રોજ ઘરેથી ભાગી ગયું હતું. મને જાણ થતાં જ મેં તાત્કાલિક રિદ્ધિના પિતાનો સંપર્ક કર્યો અને આ બંનેને મારી ઓફિસે બોલાવ્યા હતા. મેં દીકરીને સમાજની ગરિમા, માતા-પિતાની આબરૂ અને તેની ઉજ્જવળ કારકિર્દીનો વાસ્તવિક ચિતાર આપીને માન-સન્માન સાથે ઘરે પાછા વળી જવા ખૂબ સમજાવી હતી. યુવકને પણ દીકરીનું ભવિષ્ય ન બગાડવા કહ્યું હતું, પરંતુ બંને કલાકારો પોતાની જીદ પર અડગ રહ્યા હતા.

પાટીદાર સમાજમાં સંસ્કારો અને પરિવારની આબરૂનું સ્થાન હંમેશાં સર્વોપરી રહ્યું છે. રિદ્ધિએ તેના માતા-પિતાને ક્યારેય સમાજમાં નીચું જોવું નહીં પડે તેવો ભરોસો આપ્યો હતો. પરંતુ, દીકરીના આ અચાનક પગલાંથી આખો પરિવાર સ્તબ્ધ થઈ ગયો છે. સમાજમાં સન્માનપૂર્વક જીવતા માતા-પિતા હાલ એટલા મોટા આઘાતમાં છે કે તેઓ કોઈની પણ સાથે વાત કરવાની સ્થિતિમાં નથી.

આ ઘટના અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરતા સામાજિક અગ્રણીઓએ આક્ષેપ કર્યો છે કે, અન્ય સમાજના કેટલાક તત્વો દ્વારા પાટીદાર સમાજની ઉભરતી સિંગર દીકરીઓને સોફ્ટ ટાર્ગેટ બનાવવામાં આવી રહી છે, જે હવે એક ચોક્કસ ટ્રેન્ડ બની રહ્યો છે. જોકે, આગેવાનોએ સ્પષ્ટ કર્યું છે કે તેઓ કાયદો હાથમાં લેવા માંગતા નથી, પરંતુ પાટીદાર સમાજ પોતાની શક્તિ અને સંગઠનથી આ કલાકારોનો સામાજિક અને વ્યવસાયિક બહિષ્કાર કરીને યોગ્ય સંદેશ આપશે. અગાઉ આરતી સાંગાણીના કિસ્સામાં પણ પાટીદાર સમાજે એકસૂત્રતા બતાવી હતી, ત્યારે હવે રિદ્ધિ રાજપરાના કિસ્સામાં પણ સમાજમાં દીકરીઓની સુરક્ષા અને સંસ્કારોને લઈને ચર્ચાઓએ જોર પકડ્યું છે.

ગત 20 મેના રોજ રિદ્ધિ રાજપરા જય વાઘેલા સાથે ભાગી ગઈ હતી. ત્યારબાદ બંને પ્રેમ લગ્ન કરી લીધા છે. પરિવાર અને સમાજના અગ્રણીઓ દ્વારા દીકરીને પરત આવવા માટે સમજાવવામાં આવી રહી છે. જોકે દીકરી પરત ફરવા તૈયાર થઈ રહી નથી. પરિવારની એક જ માંગ છે કે જે રીતે નીકળી ગઈ છે તે રીતે પાછી આવી જાય.

વિધિ રાજપરાએ જય વાઘેલા સાથે ભાગીને લગ્ન કરી લીધા બાદ સોશિયલ મીડિયા એકાઉન્ટમાં પણ પોતાનું નામ રિદ્ધિ રાજપરાની જગ્યાએ આરજે વાઘેલા કરી દીધું છે. એટલે રિદ્ધિ રાજપરા પણ આરતી સાંગાણીના પગલે ચાલી રહી હોય તે પ્રકારનો ઘાટ સર્જાયો છે. સમાજ દ્વારા કરવામાં આવેલી અપીલના પગલે રીધી રાજપરા અને જય વાઘેલાના કાર્યક્રમને પણ કેન્સલ કરાવતા હોય તેવું પણ સામે આવ્યું છે.

# દૂધની થેલીએ શોધ્યું 2000 KM દૂર છુપાયેલા માસ્ટર માઈન્ડનું લોકેશન

**સુરત, તા.20**

સુરતના વરાછા વિસ્તારમાં આવેલી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની લંબે હનુમાન રોડ બ્રાન્ચમાં ગત 27 એપ્રિલના રોજ ધોળા દિવસે થયેલી 50 લાખ રૂપિયાની સનસનાટીભરી લૂંટના કેસમાં સુરત સિટી પોલીસે એક એવો ભેદ ઉકેલ્યો છે, જે કોઈ બોલિવૂડની હાઈ-ટેક ક્રાઈમ થ્રિલર ફિલ્મને પણ ટક્કર મારે. માત્ર એક દૂધની થેલી પર છાપેલા સરનામા અને પોલીસની અદભુત કોઠાસૂઝના કારણે આજે આ આખી ગેંગનો મુખ્ય સૂત્રધાર અને એથિકલ હેકિંગનો કોર્સ કરી ચૂકેલો શાતિર માસ્ટર માઈન્ડ પોલીસના સિંકાજામાં આવી ગયો છે.

**દક્ષિણ ભારતના ઘનઘોર જંગલોમાંથી આરોપી ઝડપાયો**

સુરત વરાછા ઝોન-1ની સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) એ 7000 કિલોમીટર લાંબો પીછો કરીને, દક્ષિણ ભારતના ઘનઘોર જંગલોમાં વેશપલટો કરીને આખરે લૂંટના મુખ્ય સૂત્રધાર વિકાસ કુમાર ઉર્ફે ચંદન ઉર્ફે જેક અને તેને આશરો આપનાર તેના સાગરીત સંજીત ઉર્ફે સચિતને ઝડપી પાડ્યા છે.



આ ઓપરેશનની વિગતો આપતા ડીસીપી આલોકકુમારે જણાવ્યું હતું કે આ માત્ર એક સામાન્ય લૂંટ નહોતી, પરંતુ ડિજિટલ યુગના શાતિર ગુનેગારો દ્વારા પૂર્વ આયોજિત એક બહુ મોટું ષડયંત્ર હતું.

પોલીસને પાંચમાં દિવસે કીમ નજીકના કન્યાસી ગામના એક ખેતરમાંથી લૂંટારૂઓએ ઉપયોગમાં લીધેલી ત્રણ બાઈકો મળી આવી હતી. જેલમાંથી દોરીસંચાર, કુંદન ઈનિશિયેટર અને ચંદન માસ્ટર માઈન્ડ, પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે આ સમગ્ર લૂંટનો આઈડિયા જેલમાં બંધ કુંદન ભગત નામના ગુનેગારના મગજની ઉપજ હતો. કુંદન આ પ્લાનનો 'ઈનિશિયેટર' એટલે કે શરૂઆત કરનાર હતો. જેલમાં બેઠા બેઠા તેણે બહાર સક્રિય એવા પોતાના મામીના દીકરા ભાઈ વિકાસ કુમાર ઉર્ફે ચંદન ઉર્ફે જેક (રહે. મુઝફ્ફરપુર, બિહાર) નો સંપર્ક કર્યો. કુંદને ચંદનને જેલમાંથી જ અત્યંત સુરક્ષિત ગણાતી સિગ્નલ એપ્લિકેશન દ્વારા મેસેજ મોકલ્યો કે, સુરતમાં એક મોટી લૂંટને અંજામ આપવાનો છે. તું બહાર રહીને એલેક્સ ઉર્ફે સુમિત ગાંધીના સંપર્કમાં આવી જા. બધી વાતચીત માત્ર સિગ્નલ એપ પર જ થશે.

લૂંટની ઘટનાને અંજામ આપ્યા બાદ આરોપી શુભમસિંહ પોલીસથી બચવા માટે સતત ઠેકાણા બદલી રહ્યો હતો. ચંદન સામાન્ય ગુનેગાર નથી. તે ટેકનોલોજીનો જાણકાર છે અને તેણે સુરતના પાલનપુર પાટિયા વિસ્તારમાં આવેલી એલ.પી. સવાણી કોલેજમાંથી એથિકલ હેકિંગનો કોર્સ કરેલો છે. હેકિંગ અને ડિજિટલ નેટવર્કની સમજ હોવાને કારણે તેણે પોલીસ પકડથી બચવા માટે ટેકનિકલ છટકબારીઓનો પૂરો ઉપયોગ કર્યો હતો. કુંદનના ઈશારે ચંદને સુરતમાં આવીને આખા ઓપરેશનની કમાન્ડ પોતાના હાથમાં લઈ લીધી હતી.

# રાજકોટમાં વૃદ્ધને મોઢે ડૂચો દઈ 2.47 કરોડ રોકડાની લૂંટ, મુક્કો મારી પાડી દીધા, સોનું લઈ બુકાનીધારીઓ ફરાર

**રાજકોટ, તા.20**

રાજકોટ જિલ્લાના ઔદ્યોગિક વિસ્તાર શાપર-વેરાવળમાં ગઈકાલે(19 જૂન) મધરાતે રૂ.2.49 કરોડની સનસનાટી મચાવતી લૂંટની ઘટના સામે આવી છે. શાપર સ્ટેટના મોભી એવા 77 વર્ષના વૃદ્ધ જીતેન્દ્રસિંહ જાડેજા પોતાના ઘરમાં એકલા હતા ત્યારે દરવાજો તોડીને ઘૂસેલા 5 બુકાનીધારી લૂંટારૂઓએ તેમને બંધક બનાવી રોકડ, દાગીના મળી રૂ. 2 કરોડ 49 લાખની માલમત્તાની લૂંટ ચલાવી લેતાં સનસનાટી મચી ગઈ છે. લૂંટારાઓ રોકડ-દાગીનાની સાથે સાથે બાર બોરની પરવાનાવાળી રાયફલ અને મોબાઈલ ફોન પણ લૂંટી જતાં જિલ્લાભરની પોલીસ ભેદ ઉકેલવા કામે લાગી છે. લૂંટની આ ઘટનાને પગલે જીલ્લાભરમાં ચકચાર મચી ગઈ છે.



બનાવના પગલે રેન્જ આઈજી નિર્લિપ્ત રાય, જિલ્લા પોલીસવડા વિજયસિંહ ગુર્જર સહિતના ઘટનાસ્થળે દોડી ગયા હતા અને લૂટારાઓનું પગેરૂ મેળવવા રૂરલ એસઓજી, એલસીબી, શાપર પોલીસ, ગોંડલ ડીવાયએસપીની ટીમો કામે લાગી છે. પારડી નજીક શકમંદો કેમેરામાં કેદ થતાં તપાસ આગળ ધપાવાઈ છે. લૂંટનો ભોગ બનેલા શાપર સ્ટેટના મોભીને લૂંટ કર્યા બાદ લૂંટારા રૂમમાં પુરીને ભાગી ગયા હતાં. તેમણે કોઈપણ રીતે દરવાજો ખોલી બીજા રૂમમાં ધર્મપત્નીનો ફોન હોઈ તેમાંથી રાજકોટ દીકરાને જાણ કરી હતી.

શાપરમાં રહેતાં સ્ટેટના મોભી તરીકે નામના ધરાવતાં જીતેન્દ્રસિંહ અજીતસિંહ જાડેજા (ઉ.વ.77) ગતરાતે શાપર ખાતેના પોતાના નિવાસસ્થાને એકલા સુતા હતાં ત્યારે રાતે દોઢેક વાગ્યે અચાનક તેમના મકાનમાં પાંચ બુકાનીધારી ઘુસી આવ્યા હતાં અને ખાંખાખોળા કરતા હોય ત્યારે જીતેન્દ્રસિંહ અવાજ થતાં જાગી ગયા હતાં, પરંતુ તેઓ કંઈ સમજે એ પહેલા જ એક લૂંટારો લોખંડના પાઈપ સાથે તેમની છાતી પર ચડી ગયો હતો અને મોઢુ દબાવી દીધુ હતું અને બાકીના ચાર લૂંટારાઓએ ઘરના તિજોરી-કબાટ તોડી નાંખ્યા હતાં અને તેમાંથી રોકડ-દાગીના લૂંટી લીધા હતાં.

લૂંટ ચલાવ્યા બાદ પાંચ બુકાનીધારી લૂંટારા જીતેન્દ્રસિંહ જાડેજાને બાજુના બીજા રૂમમાં પુરી ભાગી ગયા હતાં. આ પછી જીતેન્દ્રસિંહ કોઈપણ રીતે દરવાજાના બોલ્ટ ખોલીને દરવાજો ખેડવી બહાર આવ્યા હતાં. તેમણે તપાસ કરતાં લૂંટારા કબાટમાંથી રોકડા રૂ. 2 કરોડ 47 લાખ, સોનાના દાગીના તેમજ તેમનો મોબાઈલ ફોન અને એક બાર બોરની રાયફલ ગાયબ હતાં. આ પછી જીતેન્દ્રસિંહ અન્ય એક રૂમમાં ગયા હતાં જ્યાં તેમના પત્નીનો મોબાઈલ ફોન રાખ્યો હોઈ તેમાંથી રાજકોટ ભક્તિનનગર સ્ટેશન પ્લોટ વિસ્તારમાં રહેતાં પુત્ર જયવિરસિંહ ઉર્ફે ટીનુભા જાડેજાને ઘટનાની જાણ કરતાં તેઓ તથા બીજા પરિવારજનો તુરત જ શાપર પહોંચ્યા હતાં અને રૂરલ પોલીસને જાણ કરી હતી.

ઘટનાની જાણ થતાં જ શાપર પોલીસ ઈન્સપેક્ટર આર.બી. રાણા, રૂરલ એસઓજી પીઆઈ એસ.એન.પારઘી, રૂરલ એલસીબી પીઆઈ જે.પી.રાવ અને ગોંડલ ડીવાયએસપી કે. જી. ઝાલા તથા તેમની ટીમોએ ઘટનાસ્થળે પહોંચી ડોગ સ્કવોડ, ફીંગર પ્રિન્ટ નિષ્ણાંતોને બોલાવી તપાસનો ધમધમાટ શરૂ કરાવ્યો હતો. રૂરલ પોલીસની ટીમોએ સીસીટીવી ફૂટેજ ચકાસવાનું અને લૂંટારૂઓનું પગેરૂ શોધવા મહેનત આદરી હતી. પારડી નજીક કેટલાક શકમંદ કેમેરામાં કેદ થયાની માહિતી મળતાં તે તરફ તપાસ આગળ વધારાઈ હતી. લૂંટારા રાતે એકાદ વાગ્યા પછી ચાલીને આવ્યા હતાં અને લૂંટ કરીને ભાગી ગયા હતાં.

લૂંટનો ભોગ બનનાર જીતેન્દ્રસિંહ જાડેજાના પુત્ર જયવિરસિંહ જાડેજાને શાપરમાં મારૂતિ પેટ્રોલ પંપ છે અને રીયલ એસ્ટેટના ધંધામાં પણ મોટુ નામ ધરાવે છે. જમીન વેંચાણનું કામ ચાલુ હોવાથી જીતેન્દ્રસિંહ જાડેજા શાપરના આ ઘરે જ એકલા રહેતાં હતાં. તેમના દીકરા સહિતના બીજા પરિવારજનો રાજકોટ રહે છે. જીતેન્દ્રસિંહના ધર્મપત્નીને પણ પગમાં ઓપરેશન હોઈ કેટલાક દિવસથી તેઓ રાજકોટ હતાં. રાતે જીતેન્દ્રસિંહ એકલા જ અહીં હતાં.



# મોડીરાતે ફિલ્મી દૃશ્યો સર્જાયા : પાયલોટિંગ સાથે દારૂ ભરેલી 2 ફોર્ચ્યુનર કાર ઘૂસી; PCBએ 10KM પીછો કરી કાગડાપીઠ-ઘાટલોડિયામાંથી 15 લાખનો દારૂ ઝડપ્યો

**અમદાવાદ, તા.20**

અમદાવાદમાં 19 જૂનની મોડીરાતે કાયદો અને વ્યવસ્થાના ધજાગરા ઉડાડતા ફિલ્મી દશ્યો સર્જાયા હતા. મહેસાણા તરફથી પાયલોટિંગ ગાડી સાથે અમદાવાદમાં કરોડોની કિંમતની 2 ફોર્ચ્યુનર કારમાં વિદેશી દારૂનો મોટો જથ્થો ઘુસાડવામાં આવી રહ્યો હોવાની ચોક્કસ બાતમી PCBને મળી હતી. બાતમીના આધારે PCBની ટીમે ફિલ્મી સ્ટાઈલમાં બુટલેગરોનો પીછો શરૂ કર્યો હતો. આ ઓપરેશન દરમિયાન પોલીસે ઘાટલોડિયા વિસ્તારમાંથી પાયલોટિંગ કરી રહેલી ક્રેટા કાર અને દારૂ ભરેલી 1 ફોર્ચ્યુનર ઝડપી લીધી હતી. જ્યારે બીજી ફોર્ચ્યુનરનો ચાલક ગાડી ભગાડી ગયો હતો, જેનો પોલીસે અંદાજે 10 કિલોમીટર સુધી પીછો કરીને છેક કાગડાપીઠ વિસ્તારમાંથી ઝડપી પાડી હતી. પોલીસે બે વૈભવી કારમાંથી 15 લાખથી વધુની કિંમતનો દારૂ કબજે કરી બુટલેગરોની આખી સપ્લાય ચેઈન તોડી પાડી છે.

મહેસાણાથી દારૂ ભરીને બે કાર આવી રહી હતી, જે સમગ્ર અમદાવાદના અલગ-અલગ વિસ્તારમાં બુટલેગરોને દારૂ સપ્લાય થવાનો હોવાની PCBના પીઆઈ જે.પી જાડેજાની ટીમને બાતમી મળી હતી. જેથી પોલીસે ભાડજથી સાયન્સ સિટી થઈ ઘાટલોડિયા તરફ આવી રહેલી પાયલોટિંગ કાર ક્રેટા અને દારૂ ભરીને બે ફોર્ચ્યુનરનો પીછો કર્યો હતો. પોલીસ પીછો કરી રહી હોવાની બુટલેગરોને જાણ થતા ગાડી દોડાવી હતી. પોલીસે પીછો કરીને પાયલોટિંગ કાર ઝડપી લીધી હતી, જેમાંથી બુટલેગર સલીમ ઉર્ફે તોતો મળી આવ્યો હતો. જે બાદ દારૂ ભરેલી બંને ફોર્ચ્યુનર કાર ભાગી રહી હતી.



**કાગડાપીઠમાં 10 કિમીના ચેઝિંગ બાદ સફળતા**

પોલીસે દારૂ ભરેલી એક ફોર્ચ્યુનર કાર પણ ઘાટલોડિયામાં ઝડપી લીધી હતી, જેમાંથી સાજીદ વોરા અને ફિરોઝ મલેકની ધરપકડ કરી હતી. ઘાટલોડિયામાંથી ઝડપાયેલી કારમાંથી 4.63 લાખનો દારૂ મળી આવ્યો હતો. બીજી દારૂ ભરેલી કારચાલક ભાગી રહ્યો હતો, જેનો પીછો કરતા તે 10 કિમી સુધી પોલીસથી બચવા ભાગ્યો, પરંતુ પોલીસે કાગડાપીઠમાં શાહઆલમથી કાંકરિયા જવાના રોડ પર કાર ઝડપી લીધી હતી, જેમાંથી મહમંદ સાકિર ફરિદમીયા ઝડપાયો હતો.


**બે પોલીસ સ્ટેશનમાં 11 બુટલેગરો સામે ગુનો દાખલ**

પોલીસે ઘાટલોડિયામાંથી 4.63 લાખના દારૂ સાથે 37.99 લાખનો મુદ્દામાલ ઝડપી પાડ્યો. જ્યારે કાગડાપીઠમાં 10.57 લાખના દારૂ સહિત 35.67 લાખનો મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો. PCBએ ઘાટલોડિયા અને કાગડાપીઠ બને પોલીસ સ્ટેશનમાં અલગ-અલગ ફરિયાદ નોંધાવી છે. પોલીસ તપાસમાં સામે આવ્યું હતું કે, સલીમ ઉર્ફે તોતો લિસ્ટેડ બુટલેગર છે, જેના વિરુદ્ધ અગાઉ પણ પ્રોહીબિશનના કેસ નોંધાઈ ચૂક્યા છે. સલીમ આ દારૂનો જથ્થો અમદાવાદ લાવીને બહેરામપુરા, ગોમતીપુર, આસ્ટોડિયા, દરિયાપુર, વાંચ સોલાના અલગ-અલગ બુટલેગરોને આપવાનો હતો. પોલીસે સમગ્ર મામલે 11 આરોપીઓ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## અમદાવાદ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશને ક્લેમની રકમ 7 ટકા વ્યાજ સાથે ચૂકવવા હુકમ કર્યો

**અમદાવાદ, તા.20**

વીમા કંપનીઓ મેડિક્લેમ પોલિસીમાં માનસિક બીમારીની સારવાર માટે બાકાત રાખવાની શરત રાખે છે અને તેઓ માનસિક સ્વાસ્થ્ય સંભાળ માટેના મેડિક્લેમને સીધા જ નકારી કાઢે છે. અહીંના એક ગ્રાહક કમિશને આવી બાકાત રાખવાની શરતને મનસ્વી અને ગેરકાનૂની ગણાવી છે અને વીમા કંપનીને માનસિક સ્વાસ્થ્યની સારવાર માટે હોસ્પિટલમાં દાખલ થવાના ક્લેમની ચુકવણી કરવાનો આદેશ આપ્યો છે. આ કેસ અમદાવાદના વસ્ત્રાપુરના એક રહેવાસી સાથે સંકળાયેલો છે, જેમની પાસે નેશનલ ઇન્સ્યોરન્સ કંપની લિમિટેડ તરફથી 3 લાખનું હેલ્થ કવર હતું. ઓક્ટોબર, 2022માં તેમણે એક ખાનગી હોસ્પિટલમાં સાયકોસિસની સારવાર માટે ચાર દિવસ હોસ્પિટલમાં દાખલ રહેવું પડ્યું હતું. તેમણે સારવાર માટે 44 હજાર જેટલી રકમ ચૂકવી હતી અને પછીથી વીમા કંપની પાસેથી રિઈમ્બર્સમેન્ટની માગ કરી હતી, પરંતુ પોલિસી હેઠળ માનસિક બીમારી માટે બાકાત રાખવાની શરતનો હવાલો આપીને કંપની દ્વારા તેમનો ક્લેમ નકારી કાઢવામાં આવ્યો હતો. દર્દીએ અયોગ્ય વેપાર પ્રથા અને સેવામાં ખામીનો આક્ષેપ કરીને જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન, અમદાવાદ સમક્ષ વીમા કંપની સામે દાવો માંડ્યો હતો. કંપનીએ આ આક્ષેપને નકારી કાઢ્યો હતો.



## સિંગર દર્શના ઠક્કર સાથે છેતરપિંડી : બિલ્ડરે ફ્લેટના રૂ.27.75 લાખ લઈને બારોબર વેચી દીધો

**અમદાવાદ, તા.20**

શહેરના નારણપુરામાં આવેલા ફ્લેટની સ્કીમમાં બિલ્ડરોએ મહિલા સિંગરને ફ્લેટ વેચ્યો હતો. ફ્લેટ માટે 1.05 કરોડમાંથી 32.75 લાખ રૂપિયા લીધા હતા. બાકીના પૈસા આપવાના બાકી હતા, જેથી બિલ્ડરે ફ્લેટ સિંગરને જાણ કર્યા વિના બીજાને વેચી દીધો હતો. સિંગરને માત્ર 5 લાખ પરત આપ્યા હતાં, જ્યારે બાકીની રકમ પરત ન આપતા સિંગરે નારણપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

વેજલપુરમાં રહેતાં સિંગર દર્શના ઠક્કરે નારણપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે, તેમને મકાન ખરીદવાનું હોવાથી નારણપુરામાં સત્યમ સ્કાઈ લાઈન 02માં બાંધકામ સાઈટ ચાલુ હતી, ત્યારે મકાન જોવા ગયા હતા. પ્રોજેક્ટ પસંદ આવતા તેમણે 1302 નંબરનો ફ્લેટ બુક કર્યો હતો, જેની કિંમત 1.05 કરોડ નક્કી થઈ હતી. ફ્લેટ નક્કી કર્યા બાદ દર્શનાબેને બિલ્ડર ધવલ ભીમાણી અને વ્યોમેશ પટેલને બેંક અને રોકડ મારફતે કુલ 32.75 લાખ રૂપિયા આપ્યા હતા. બિલ્ડરે બીજો ફ્લેટ આપવાનું કહીને ફ્લેટ બતાવ્યો

**આર્થિક તંગીના કારણે દર્શનાબેને** બાકીનું પેમેન્ટ આપ્યું ન્હોતું, જેથી બિલ્ડરે પૈસા ભરવા નોટિસ મોકલી હતી. દર્શનાબેન બિલ્ડરને મળવા ગયા હતા અને પરિસ્થિતિ અંગે જાણ કરી હતી. બિલ્ડરે કહ્યું હતું કે, પૈસા ન ભરી શકે તો બાકીની ભરેલી રકમ પરત આપશે. 2024માં બિલ્ડરે દર્શનાબેને બુક કરાવેલો ફ્લેટ અન્ય વ્યક્તિને વેચી દીધો હોવાની જાણ થઈ હતી. દર્શનાબેને બિલ્ડરને જાણ કરી તો બિલ્ડરે બીજો ફ્લેટ આપવાનું કહીને ફ્લેટ બતાવ્યો હતો.

**પૈસા પરત ન આપતા ફરિયાદ દાખલ**

દર્શનેબેનને બીજો ફ્લેટ ન ગમતા ભરેલા પૈસા પરત માંગ્યા તો પૈસા આપવાની ના પાડી હતી, જે બાદ દર્શનાબેને અરજી કરી તો 5 લાખ પરત આપ્યા હતા. બાકીના 27.75 લાખ પરત ન આપતા દર્શનાબેને ફોન કર્યો તો બિલ્ડર ફોન ઉઠાવતો નહોતો, જેથી દર્શનાબેને બિલ્ડર ધવલ ભીમાણી અને વ્યોમેશ પટેલ વિરુદ્ધ નારણપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

### અમદાવાદના CTM ડબલ ડેકર ઓવરબ્રિજ પર હાઈવોલ્ટેજ ડ્રામા

## બ્રિજ પર લોખંડની ગ્રીલ કૂદી યુવક આપઘાત કરવા પહોંચ્યો : રાહદારીઓએ સમજાવતા મન પીગળ્યું ને પરત ફર્યો

**અમદાવાદ, તા.20**

અમદાવાદ શહેરના નારોલ-નરોડા હાઈવે પર આવેલા CTM-રામોલ ડબલ ડેકર ઓવરબ્રિજ પર એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીં એક અજાણ્યો યુવક આત્મહત્યા કરવાના ઈરાદે બ્રિજની લોખંડની સુરક્ષા ગ્રીલ કૂદીને છેક છેવાડાની પારી પર જઈને આત્મહત્યા કરવાના ઈરાદે ઊભો રહી ગયો હતો.

યુવકને આ સ્થિતિમાં જોઈને ત્યાંથી પસાર થતા સ્થાનિક લોકો અને રાહદારીઓ તાત્કાલિક તેની મદદ માટે દોડી ગયા હતા. લોકોએ તેને આત્મહત્યા જેવું આત્મઘાતી પગલું ન ભરવા માટે સમજાવવાના પ્રયાસો શરૂ કર્યા હતા. જેથી યુવક લોખંડીની ગ્રીલ કૂદીને બ્રિજ પર પરત ફર્યો અને યુવકનો જીવ બચ્યો હતો. જે સમગ્ર મામલાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. બ્રિજ પર ઉઘાડા પગે લોખંડની ગ્રીલ કૂદીને રોડ તરફ ઊભેલા આ યુવકને બચાવવા માટે રાહદારીઓએ ખૂબ જ શાંતિ અને ચપળતાથી કામ લીધું. રોડ પરથી પસાર થતા બેથી ત્રણ લોકોએ પહેલા યુવકને દૂરથી જ જોરથી બૂમ પાડીને બોલાવ્યો અને તેની સાથે વાતચીત શરૂ કરી, જેથી તેનું ધ્યાન ભટકે નહીં. ત્યારબાદ, ધીમે-ધીમે તેની નજીક જઈને સંવેદનશીલતાથી વાત કરવાનો પ્રયત્ન કર્યો હતો. અંદાજે ત્રણ મિનિટ સુધી સ્થાનિક નાગરિકો દ્વારા યુવકને સતત સમજાવવામાં આવ્યો અને હિંમત આપવામાં આવી. આખરે લોકોની આ લાગણીસભર સમજાવટ કામ કરી ગઈ અને યુવકનું મન પીગળ્યું હતું. તેણે આત્મહત્યાનો વિચાર માંડી વાળીને લોખંડની ગ્રીલ ફરીથી કૂદીને સુરક્ષિત રીતે બ્રિજ પર પાછો આવી ગયો હતો. યુવક નીચે ઉતર્યા બાદ સ્થાનિક લોકોએ તેની સાથે પ્રેમપૂર્વક વાતચીત કરી હતી. આ સમયે અન્ય પાંચથી સાત લોકો પણ ત્યાં એકઠા થયા હતા. આ સમગ્ર ઘટનાનો વીડિયો હાલ સોશિયલ મીડિયામાં ભારે વાયરલ થઈ રહ્યો છે અને રાહદારીઓની આ સમયસૂચકતાના વખાણ થઈ રહ્યા છે. સુરત શહેરના અત્યંત ભરચક અને પ્રખ્યાત પાલ-ઉમરા બ્રિજ પહેલા સત કેવલ ચોક વિસ્તારમાં 22મેએ રાત્રિના સમયે એક ચોંકાવનારી અને શ્વાસ અધ્ધર કરી દે તેવી ઘટના સામે આવી હતી. એક અસ્થિર મગજનો યુવક અચાનક રસ્તાની વચ્ચે આવેલા હાઈ-ટેક CCTV કેમેરાના થાંભલા પર ચઢી ગયો હતો.



## ACPCએ ડિગ્રી-ડિપ્લોમા ફાર્મસીમાં પ્રવેશ માટેની મેરિટ યાદી જાહેર

**આણંદ, તા.20**

રાજ્યની પ્રથમ વર્ષ ડિગ્રી અને ડિપ્લોમા ફાર્મસી વિદ્યાશાખા માટેની રજીસ્ટ્રેશનની પ્રક્રિયા 15 જૂનના પૂર્ણ કરવામાં આવી હતી. જે બાદ હવે પ્રથમ વર્ષના ડિગ્રી અને ડિપ્લોમા ફાર્મસી કોર્સ માટે ACPC દ્વારા પ્રોવિઝનલ મેરીટ લિસ્ટ જાહેર કરવામાં આવ્યું છે. સાથે જ વિદ્યાર્થીઓ માટે મોક રાઉન્ડની ચોઈસ ફિલિંગ પણ શરૂ થઈ ગઈ છે. આ વર્ષે 14 હજારથી વધુ વિદ્યાર્થીઓએ નોંધણી કરાવ્યું હતું, જેમાંથી 13461 જેટલા વિદ્યાર્થીઓનો મેરીટમાં સમાવેશ કરવામાં આવ્યો છે. 25 જૂન સુધી ચોઈસ ફિલિંગની તક આપવામાં આવી છે. રાજ્યની પ્રથમ વર્ષ બી.ફાર્મ અને ડી.ફાર્મ પ્રવેશ પ્રક્રિયામાં મહત્વપૂર્ણ તબક્કો શરૂ થયો છે. ટેક્નિકલ શિક્ષણ વિભાગ હેઠળની એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સિસ (ACPC) દ્વારા પ્રોવિઝનલ મેરીટ લિસ્ટ જાહેર કરવામાં આવ્યું છે. તમામ બોર્ડના પરિણામો જાહેર થઈ જતા વિદ્યાર્થીઓને વધુ સમય મળે તે માટે મેરીટ જાહેર કરવાની સાથે મોક રાઉન્ડ માટે ચોઈસ ફિલિંગની પ્રક્રિયા પણ શરૂ કરવામાં આવી છે. આ વર્ષે કુલ 14,418 વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી હતી. GUJCET અને બોર્ડ આધારિત મેરીટમાં 13,461 વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમાં 5,639 વિદ્યાર્થી અને 7,822 વિદ્યાર્થીનીઓનો સમાવેશ કરાયો છે. નિયમ મુજબ સરકારી અને અનુદાનિત સંસ્થાઓની 95 ટકા તેમજ સ્વનિર્ભર સંસ્થાઓની 50 ટકા બેઠકો પર GUJCET આધારિત પ્રવેશ આપવામાં આવશે. જ્યારે સરકારી સંસ્થાઓની 5 ટકા બેઠકો પર NEET/JEEના આધારે પ્રવેશ ફાળવવામાં આવશે. વિદ્યાર્થીઓ પોતાનું મેરીટ નંબર ACPCની વેબસાઈટ પર લોગિન કરીને ચકાસી શકશે.




**27 જૂને ફાઈનલ મેરીટ લિસ્ટ અને મોક રાઉન્ડનું પરિણામ જાહેર**

આ વર્ષે GUJCET આધારિત મેરીટમાં ગુજરાત બોર્ડના વિદ્યાર્થી મિલન ખુંધાર પ્રથમ ક્રમે આવ્યો છે. તેમને 99.95 મેરીટ માર્ક્સ મળ્યા છે. મેરીટ યાદીમાં ગુજરાત બોર્ડના 12,049, CBSEના 1,223, ICSEના 84 અને Cambridge, NIOS, IB સહિત અન્ય બોર્ડના 106 વિદ્યાર્થીઓનો સમાવેશ થયો છે. કેટેગરી મુજબ જનરલના 4,539, EWSના 2,686, SCના 908, SEBCના 4,130 અને STના 1,198 વિદ્યાર્થીઓ મેરીટમાં સામેલ થયા છે. વિદ્યાર્થીઓને 25 જૂન સુધી ચોઈસ ફિલિંગ કરવાની તક આપવામાં આવી છે, જ્યારે 27 જૂને ફાઈનલ મેરીટ લિસ્ટ અને મોક રાઉન્ડનું પરિણામ જાહેર કરવામાં આવશે. પ્રવેશ પ્રક્રિયામાં રાજ્યની કુલ 160 ફાર્મસી સંસ્થાઓનો સમાવેશ થાય છે. તેમાં બી.ફાર્મની 122 સંસ્થાઓમાં કુલ 10,482 બેઠકો છે.

## બેફામ ફી વસૂલતી ખાનગી યુનિવર્સિટીઓ સામે કોંગ્રેસનો મોરચો : યુનિવર્સિટીઓ સામે સરકાર નતમસ્તક હોવાનો આક્ષેપ

**અમદાવાદ, તા.20**

રાજ્યની તમામ ખાનગી યુનિવર્સિટીઓ વિદ્યાર્થીઓ અને વાલીઓ પાસેથી ફીના નામે લૂંટ ચલાવતી હોવાનો કોંગ્રેસે આક્ષેપ લગાવ્યો છે. લાખો રૂપિયાની ફી ઉઘરાવ્યા બાદ પણ ખાનગી યુનિવર્સિટીઓ વિદ્યાર્થીઓને જોઈએ એવું શિક્ષણ આપવામાં નિષ્ફળ ગઈ હોવાનો પણ કોંગ્રેસે દાવો કર્યો છે. જેથી, વાલીઓ અને વિદ્યાર્થીઓ પાસેથી થતી લૂંટ બંધ કરવા ખાનગી યુનિવર્સિટીઓ માટે પણ ફી નિયમન કમિટી બનાવવા સરકાર પાસે માંગ કરી છે. ખાનગી યુનિવર્સિટીઓ બેફામ ફી વસૂલતી હોવાથી રિટાયર્ડ જજની અધ્યક્ષતામાં ફી નિયમ કમિટી બનાવવા કોંગ્રેસે માંગ કરી છે. તેમજ જે ખાનગી યુનિવર્સિટીઓ બેફામ ફી વસૂલી રહી છે તેના પર અંકુશ લાવવા પણ રજૂઆત કરી છે. ધોળા દિવસે પ્રાઈવેટ યુનિવર્સિટી વાલીઓ અને વિદ્યાર્થીઓને લૂંટી રહી છે ગુજરાત કોંગ્રેસના પ્રવક્તા ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડીયાએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં સૌથી વધુ યુનિવર્સિટી હોવાનો સરકાર દાવો કરે છે પરંતુ, તેમાં સૌથી વધુ યુનિવર્સિટીઓ પ્રાઈવેટ યુનિવર્સિટી છે. જે ખુલ્લેઆમ ધોળા દિવસે વાલીઓ અને વિદ્યાર્થીઓને લૂંટી રહી છે. રાજ્યની ખાનગી યુનિવર્સિટીમાં સામાન્ય સ્નાતક જેની અઢી હજાર જેટલી ફી ગ્રાન્ટેડ કોલેજો અને સરકારી કોલેજોમાં લેવામાં આવે છે. તેની સામે ખાનગી યુનિવર્સિટીઓ મેડિકલ એજ્યુકેશન કરતા પણ વધુ ફી વિદ્યાર્થીઓ પાસેથી ઉઘરાવે છે. સામાન્ય B.A, B. com, B.sc કરવું હોય તો વાર્ષિક 6 લાખ જેટલી ફી ઉઘરાવવામાં આવે છે.




## કાંકરિયા લેક પરિસરમાં સિક્યુરિટી વચ્ચે મારામારી, ખાનગી સિક્યુરિટી એજન્સીના સુપરવાઈઝર અને AMC સિક્યુરિટીના ઈન્ચાર્જ વચ્ચે બોલાચાલી બાદ મામલો ઉગ્ર બન્યો

**અમદાવાદ, તા.20**

અમદાવાદના કાંકરિયા લેક્ફ્રન્ટ પરિસરમાં સિક્યુરિટી સુપરવાઈઝર અને સિક્યુરિટી ઈન્ચાર્જ વચ્ચે બોલાચાલી થઈ હોવા અંગેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. બંને વચ્ચે જાહેરમાં ઉગ્ર બોલાચાલી થતા મુલાકાતીઓમાં ભયનો માહોલ સર્જાયો હતો. કયા કારણોસર બોલાચાલી થઈ તે અંગે હજી સુધી સામે નથી આવ્યું જોકે મહિલા સિક્યુરિટી ગાર્ડને મેસેજ કરવા મામલે બોલાચાલી થયું હોવાનું જાણવા મળ્યું છે. કાંકરિયા લેકફ્રન્ટ પરિસરનો હવાલો સંભળાતા HOD ચિરાગ પટેલે જણાવ્યું હતું કે આ ઘટના શું બની છે તે અંગે તપાસ કરવામાં આવશે. ક્યાં કારણોસર બોલાચાલી અને મારામારી થઈ તેની તપાસ કરીશું. સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ કાંકરિયા લેકફ્રન્ટ પરિસરમાં સિક્યુરિટી મૂકવામાં આવેલી છે. સિક્યુરિટી એજન્સીના સુપરવાઈઝર અને AMCના સિક્યુરિટી ઈન્ચાર્જ વચ્ચે બોલાચાલી થઈ હતી. બંને વચ્ચે જાહેરમાં ઉગ્ર બોલાચાલી થઈ હતી જેમાં ગાળાગાળી અને મારામારીના દ્રશ્યો જોવા મળ્યા હતા. AMC ફાયર વિભાગના સિક્યુરિટી ઈન્ચાર્જ રાજેશ ગોસ્વામી દ્વારા લાફો મારવામાં આવ્યો હોવાનો આક્ષેપ ખાનગી સિક્યુરિટી સુપરવાઈઝર દ્વારા કરવામાં આવ્યો છે અને તેના કારણે બોલાચાલી થઈ હતી. વીડિયોમાં સિક્યુરિટી ઈન્ચાર્જ જણાવે છે કે તું અમારી મહિલાઓને મેસેજ કેમ કરે છે. શા માટે બધા મેસેજો કરે છે એવા સવાલો કરી ઉગ્ર બોલાચાલી કરી હતી. બંને વચ્ચે મહિલાના મેસેજ બાબતે ઉગ્ર બોલાચાલી થઈ હતી. જેથી AMC ફાયરમેન કમ સિક્યુરિટી ઈન્ચાર્જએ એજન્સીના સિક્યુરિટી સુપરવાઈઝર પર હાથ ઉગામી મારવાનું શરૂ કરી દીધું હતું.



## સંચાલક મંડળના પ્રમુખની સહિત 3 સ્કૂલને નોટિસ : નરોડાની ગાયત્રી વિદ્યાલય અને ડિવાઈન સ્કૂલ, સાયન્સ સિટીની SS ડિવાઈનમાં વિદ્યાર્થીની 30%થી ઓછી હાજરી




**અમદાવાદ, તા.20**

અમદાવાદ શહેરમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શાળાઓમાં ડમી વિદ્યાર્થીઓને લઈને ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ગુજરાત બોર્ડ દ્વારા અચાનક તપાસ કરવામાં આવતા ત્રણ શાળાઓમાં ડમી કલ્ચરનો પર્દાફાશ થયો છે. ચેકિંગ દરમિયાન વિદ્યાર્થીઓની હાજરી 30 ટકાથી પણ ઓછી મળતાં ગુજરાત બોર્ડે શાળાઓને શો-કોઝ નોટિસ ફટકારી છે. મહત્વનું છે કે, અમદાવાદ શાળા સંચાલક મંડળના અધ્યક્ષ એ. કે. ભરવાડની શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી જોવા મળી હતી, જેથી હવે બોર્ડે શાળાની માન્યતા કેમ રદ ન કરવી તેને લઈને ખુલાસો માંગ્યો છે. જો યોગ્ય જવાબ રજૂ નહીં કરે તો કડક કાર્યવાહી પણ થઈ શકે છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે રાજ્યમાં વધતા 'ડમી કલ્ચર' સામે કડક વલણ અપનાવ્યું છે. છેલ્લા ઘણા સમયથી રાજ્યની અનેક શાળાઓ ડમી વિદ્યાર્થીઓથી ચાલતી હોવાની ફરિયાદો ગુજરાત બોર્ડને મળી હતી, જેના કારણે ગુજરાત બોર્ડ દ્વારા ફરિયાદના આધારે શાળાઓમાં સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધર્યું હતું. અમદાવાદની કેટલીક શાળાઓમાં ગુજરાત બોર્ડની ટીમે અચાનક તપાસ હાથ ધરી હતી. ગુજરાત બોર્ડના સરપ્રાઈઝ ચેકિંગ દરમિયાન ત્રણ જેટલી શાળાઓમાં વિદ્યાર્થીઓની હાજરી 30 ટકાથી કરતા પણ ઓછી હોવાનું સામે આવ્યું છે. જેને ધ્યાનમાં રાખીને ગુજરાત બોર્ડે ત્રણેય શાળાઓને શો-કોઝ નોટિસ ફટકારી છે. સૌથી વધુ ચર્ચાનો વિષય એ છે કે, અમદાવાદ શાળા સંચાલક મંડળના અધ્યક્ષ એ. કે. ભરવાડની નરોડા સ્થિત ગાયત્રી વિદ્યાલયમાં પણ વિદ્યાર્થીઓની હાજરી ખૂબ ઓછી નોંધાઈ હતી. આ ઉપરાંત સાયન્સ સિટી વિસ્તારની એસ.એસ. ડિવાઈન સ્કૂલ અને નરોડાની ડિવાઈન સ્કૂલમાં પણ 30 ટકાથી પણ ઓછી હાજરી વિદ્યાર્થીઓની જોવા મળી આવી હતી.

## 'અધિકારીઓએ આંખ આડા કાન કર્યા, ઘરભેગા કરવા જોઈએ' : સુરતમાં 37 હજાર મેટ્રિક ટન રેતીની ચોરી મામલે હાઈકોર્ટનું આકરું વલણ

**અમદાવાદ, તા.20**

ગુજરાત હાઈકોર્ટમાં સુરતથી એક અરજદાર દ્વારા અરજી દાખલ કરવામાં આવી છે. જેમાં જણાવ્યા મુજબ સુરતના બારડોલીના તાજપુર બુજરંગ ગામની સરકારી પડતર જમીન ઉપર બેફામ ખનન થઈ રહ્યું છે. સરકારી વકીલની રજૂઆત મુજબ 37 હજાર મેટ્રિક ટન જેટલી રેતી ચોરવામાં આવી છે. તો અરજદારના વકીલ મુજબ 1 લાખ મેટ્રિક ટન જેટલી રેતી ચોરવામાં આવી છે.

હાઈકોર્ટનું આકરું વલણ અપનાવતાં કહ્યું હતું કે, અધિકારીઓએ આંખ આડા કાન કર્યા છે, આવા અધિકારીઓને ઘરભેગા કરવા જોઈએ. બે વર્ષથી ગેરકાનૂની ખનન થઈ રહ્યું છે, કોઈ જોનાર નથી?.

ગુજરાત હાઈકોર્ટમાં રજૂ કરાયેલા ફોટામાં જંગલ જેવી દેખાતી જમીન ઉપર ગેરકાનૂની ખનનને કારણે મોટા ખાડા પડેલા જોવા મળેલ હતા. અરજદારે 2 વર્ષથી જિલ્લા કલેક્ટર, પંચાયત વિભાગ વગેરેને રજૂઆત કરી છત્તા અધિકારીઓ ફરજ નિભાવવામાં નિષ્ફળ નીવડ્યા હતા.



**મામલતદાર અને જિયોલોજિસ્ટની એફિડેવિટમાં ગેરકાનૂની ખનનનો સ્વીકાર**

ગુજરાત હાઈકોર્ટમાં મામલતદાર અને જિયોલોજિસ્ટની એફિડેવિટમાં ગેરકાનૂની ખનનનો સ્વીકાર કરવામાં આવ્યો હતો. વળી તાજપુર બુજરંગ ગ્રામ પંચાયતે જિઓલિજિસ્ટને ગેરમાર્ગે દોરતા સરકારી યોજના અંતર્ગત ખનન થઈ રહ્યું હોવાનું જણાવ્યું હતું.

## હોટલ સીલ કરવા ગયા તો કહ્યું- અંદર દર્દી છે : નારણપુરા, મોટેરા અને ચાંદખેડાની 8 હોટલો ફાયર સેફટીને લઈને સીલ, અગાઉ ખામીઓને લઈને 7 દિવસની નોટિસ અપાઈ

**અમદાવાદ, તા.20**

દિલ્હીના હોટલમાં આગની ઘટના બાદ અમદાવાદ ફાયર બ્રિગેડ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલી હોટલ અને બિલ્ડીંગોમાં ચેકિંગ હાથ ધર્યું હતું. ફાયર સેફ્ટીના નિયમોનું પાલન ન થતા તેમજ ખામીઓ જણાતા હોટલોને નોટિસ આપવામાં આવી હતી. નોટિસ આપ્યા બાદ ખામીઓ દૂર કરવા અંગેની સમય મર્યાદા પૂર્ણ થઈ જતા ફાયર વિભાગ અને એસ્ટેટ વિભાગ દ્વારા નારણપુરા, મોટેરા અને ચાંદખેડા વિસ્તારની કુલ 8 હોટલોને સીલ કરવામાં આવી છે.

**ગ્રાહકોની પૂછપરછ કરતા કોઈપણ દર્દી હોટેલમાંથી મળ્યું નહોતું**

મળતી માહિતી મુજબ નારણપુરા વિસ્તારમાં આવેલી હોટલ આરકે એજન્સીમાં ફાયર બ્રિગેડની ટીમ સીલ કરવા ગઈ ત્યારે હોટલના સંચાલકો દ્વારા હોટલમાં એક રૂમમાં દર્દી હોવાનું કહી અને બહાનું કાઢ્યું હતું. જોકે, ફાયર બ્રિગેડે તમામ રૂમમાં ચેકિંગ કરી અને જે પણ ગ્રાહકો હતા તેમને પૂછપરછ કરતા કોઈપણ દર્દી ન હોવાનું સામે આવ્યું હતું. જેથી, હોટલ સંચાલકો દ્વારા ફાયર બ્રિગેડને ખોટું બોલવામાં આવ્યું હોવાનું ધ્યાને આવ્યું હતું. ત્યારબાદ ફાયર વિભાગ દ્વારા હોટલને સીલ કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી.



**કેટલીક હોટલોમાં ફાયર સિસ્ટમ યોગ્ય રીતે કાર્યરત નહોતી**

અમદાવાદ ફાયર બ્રિગેડના જણાવ્યા મુજબ દિલ્હીમાં હોટલમાં લાગેલી આગની ઘટના બાદ અમદાવાદ ફાયરબ્રિગેડ દ્વારા હોટેલ, રેસ્ટોરન્ટ, કિચન અને ગેસ્ટ રૂમ ધરાવતા બિલ્ડિંગોમાં ફાયર જોખમ નિવારણ, જીવન સુરક્ષા (Life Safety), કાયદાકીય પાલન (Compliance), વિજિલન્સ ચેકિંગ અને અમલવારી (Enforcement) અંતર્ગત ચેકિંગ કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં કેટલીક હોટલોમાં ફાયર સિસ્ટમ યોગ્ય રીતે કાર્યરત નહોતી, રસોડામાં ફાયર સસ્પેન્શન સિસ્ટમનો અભાવ હતો. LPG ગેસ પાઈપલાઈન લીકેજ હતી તેમજ રસ્તાઓમાં અવરોધ જોવા મળતો હતો.

**7 દિવસની સમય મર્યાદા સાથેની નોટિસ અપાઈ હતી**

અલગ-અલગ હોટલોમાં સુરક્ષાને ધ્યાનમાં રાખીને ફાયર વિભાગ દ્વારા ફાયર સિસ્ટમમાં ખામીથી લઈને બિલ્ડીંગમાં રહેલી ખામીઓ અંગે નોટિસ આપવામાં આવી હતી. 7 દિવસની સમય મર્યાદા સાથેની નોટિસ આપવામાં આવી હતી, જેમાં ખામીઓ દૂર કરવા અંગે જણાવ્યું હતું જોકે કેટલીક હોટલો દ્વારા નોટિસ આપ્યા બાદ પણ કોઈ કાર્યવાહી ન કરવામાં આવતા થલતેજ, બોડકદેવ બાદ શહેરના નારણપુરા, મોટેરા અને ચાંદખેડા વિસ્તારની 8 જેટલી હોટલોને સીલ કરવાની કાર્યવાહી કરવામાં આવી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૦. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૨૦ ૩૩, ૯૯૯૮

# ઈરાન યુદ્ધમાં દુનિયામાંથી 115 કરોડ બેરલ તેલ ગાયબ : ઓઈલ રિઝર્વ 36 વર્ષમાં સૌથી ઓછું; ટ્રમ્પે કહ્યું- 4 અઠવાડિયામાં ભંડાર ખતમ થઈ જાત

### ઈરાન-અમેરિકા સમજૂતી પછી આ અઠવાડિયે હોર્મુઝ સ્ટ્રેટ ફરીથી ખુલી ગયું છે. જોકે, દુનિયા હજુ પણ તેલ સંકટમાંથી સંપૂર્ણપણે બહાર આવી નથી.

**યુએસ, તા.20**

ઈરાન-અમેરિકા સમજૂતી પછી આ અઠવાડિયે હોર્મુઝ સ્ટ્રેટ ફરીથી ખુલી ગયું છે. જોકે, દુનિયા હજુ પણ તેલ સંકટમાંથી સંપૂર્ણપણે બહાર આવી નથી.

એનાલિટિક્સ ફર્મ કેપલરના રિપોર્ટ અનુસાર યુદ્ધના લગભગ ચાર મહિનામાં વૈશ્વિક બજારમાંથી 115 કરોડ બેરલ તેલનો પુરવઠો ગાયબ થઈ ગયો છે. તેની અસર આવનારા મહિનાઓ સુધી રહી શકે છે.

રિપોર્ટ અનુસાર યુદ્ધ દરમિયાન મિડલ ઈસ્ટમાંથી તેલનો પુરવઠો લગભગ બંધ રહ્યો. આ કારણે દુનિયાના સ્ટ્રેટેજિક અને કોમર્શિયલ ઓઈલ રિઝર્વ ઝડપથી ઘટ્યા છે. છેલ્લા કેટલાક મહિનામાં 19 કરોડ બેરલ તેલ સ્ટોકમાંથી નીકળી ચૂક્યું છે.

ઈન્ટરનેશનલ એનર્જી એજન્સીના સ્ટ્રેટેજિક રિઝર્વ 1990 પછીના સૌથી નીચલા સ્તરે પહોંચી ગયા છે. જ્યારે અમેરિકાનો ઈમરજન્સી રિઝર્વ 43 વર્ષના નીચલા સ્તરે છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે વર્સેલ્સમાં G7 બેઠક દરમિયાન કહ્યું કે જો યુદ્ધ સમાપ્ત ન કરીએ તો અમારા રિઝર્વ લગભગ ચાર અઠવાડિયામાં



ખતમ થઈ જાત.

ટ્રમ્પે 18 જૂને ઈરાન સાથેના કરાર પર હસ્તાક્ષર કર્યા. આ દરમિયાન તેમણે કહ્યું કે જો હોર્મુઝ ન ખુલે તો દુનિયા આર્થિક તબાહીનો સામનો કરી શકે છે.

ટ્રમ્પે 18 જૂને ઈરાન સાથેના કરાર પર હસ્તાક્ષર કર્યા. આ દરમિયાન તેમણે કહ્યું કે જો હોર્મુઝ ન ખુલે તો દુનિયા આર્થિક તબાહીનો સામનો કરી શકે છે.

**યુદ્ધવિરામ બાદ તેલ સસ્તું થયું**

અમેરિકા-ઈરાન સમજૂતીના સમાચારથી તેલ બજારે રાહતનો શ્વાસ લીધો. યુદ્ધ દરમિયાન 126 ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચેલું બ્રેન્ટ ક્રૂડ હવે 80 ડોલરથી નીચે આવી ગયું છે. પરંતુ કિંમતોમાં આ ઘટાડો આખી વાર્તા કહેતો નથી.

રિપોર્ટ અનુસાર, હોર્મુઝ સ્ટ્રેટ ખુલ્યા પછી પણ તેલનો પુરવઠો તરત સામાન્ય નહીં થાય. પહેલા દરિયાઈ માર્ગો પરથી લેન્ડમાઈન્સ હટાવવા પડશે.

આ પછી ખાલી ટેન્કરોની વાપસી, તેલ ઉત્પાદન વધારવા અને સપ્લાય ચેઈનને પાટા પર લાવવામાં સમય લાગશે. તેલ ઉદ્યોગ સાથે સંકળાયેલા નિષ્ણાતોનું માનવું છે કે સમગ્ર વ્યવસ્થાને સામાન્ય થવામાં ઘણા મહિના લાગી શકે છે. ત્યાં સુધી દુનિયાને હાલના તેલ ભંડારના સહારે જ કામ ચલાવવું પડશે.

RBC કેપિટલ માર્કેટ્સના હેલિમા ક્રોફ્ટે કહ્યું કે બજાર જરૂરિયાત કરતાં વધુ ઉત્સાહિત છે. તેમના મતે, સંકટ સમાપ્ત થઈ ગયું છે એમ માની લેવું ઉતાવળભર્યું હશે, કારણ કે તેલના પુરવઠાને સામાન્ય સ્તરે લાવવામાં હજુ મોટી પડકારો બાકી છે.

ઘણા નિષ્ણાતોને હજુ પણ **રાહતની આશા છે**

ઈન્ફ્રાસ્ટ્રક્ચર કેપિટલ એડવાઈઝર્સના CEO જે હેટફિલ્ડનું માનવું છે કે રોકડ સંકટનો સામનો કરી રહેલા OPEC સભ્ય દેશો ઉત્પાદન વધારવા માટે તૈયાર છે. આનાથી બજારમાં વધારાનો પુરવઠો આવશે અને કિંમતો પર દબાણ આવી શકે છે.

મેક્વેરી ગ્રુપના ગ્લોબલ ઓઈલ એન્ડ ગેસ સ્ટ્રેટેજિસ્ટ વિકાસ દ્વિવેદીએ જણાવ્યું હતું કે યુદ્ધ શરૂ થતાં પહેલાં દુનિયા પાસે તેલનો સારો એવો સ્ટોક હતો. આ જ કારણોસર આટલો મોટો પુરવઠો અટકવા છતાં બજાર સંપૂર્ણપણે હલ્યું નથી.

તેમણે કહ્યું કે અમેરિકામાં ડીઝલ અને પેટ્રોલનો ભંડાર ચોક્કસપણે ઓછો થયો છે, પરંતુ પરિસ્થિતિ હજુ નિયંત્રણમાં છે. સંકટ દરમિયાન રિફાઈનરીઓને તેલ ખરીદવા માટે ઘણી જગ્યાએ ફોન કરવા પડતા હતા, પરંતુ આવનારા અઠવાડિયામાં ચિત્ર બદલાઈ શકે છે. ત્યારે તેલ વેચનારાઓ પોતે ખરીદદારો પાસે પહોંચશે.

જોકે, નિષ્ણાતોનું કહેવું છે કે યુદ્ધ દરમિયાન ગુમ થયેલા 115 કરોડ બેરલ તેલની ભરપાઈ કરવી સરળ નહીં હોય. જો દુનિયા રોજિંદા માગ કરતાં 50 લાખ બેરલ વધુ તેલ પણ ઉત્પન્ન કરે, તો પણ આ કમીને પૂરી કરવામાં લગભગ એક વર્ષ લાગી જશે.

**દુનિયામાં રોજ 10.3 કરોડ બેરલ તેલનું ઉત્પાદન**

ઈન્ટરનેશનલ એનર્જી એજન્સી (IEA) અને અમેરિકી ઊર્જા સૂચના પ્રશાસન (EIA)ના આંકડા મુજબ દુનિયામાં આ સમયે સરેરાશ 10.3 કરોડ બેરલ ક્રૂડ ઓઈલનું ઉત્પાદન દરરોજ થઈ રહ્યું છે. એટલે કે દર મહિને લગભગ 309 કરોડ બેરલ અને આખા વર્ષમાં લગભગ 3,760 કરોડ બેરલ તેલ પેદા થાય છે.

અમેરિકા દુનિયાનો સૌથી મોટો તેલ ઉત્પાદક છે અને એકલા દુનિયાના લગભગ 13% તેલનું ઉત્પાદન કરે છે. આ પછી સાઉદી અરબ, રશિયા, કેનેડા અને ઈરાકનો નંબર આવે છે.

# ખોટું બોલવાની પણ કંઈ હદ હોય... : ટ્રમ્પના નિવેદન પર ભડક્યા મેલોની

### US રાષ્ટ્રપતિને જડબાતોડ જવાબ આપતા કહ્યું, હું કે ઈટાલી ક્યારેય કોઈની સામે કગરતા નથી

**રોમ, તા.20**

ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીએ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના એક નિવેદન પર નારાજગી વ્યક્ત કરી છે. ટ્રમ્પે દાવો કર્યો હતો કે G7 શિખર સંમેલન દરમિયાન મેલોની તેમની સાથે ફોટો પડાવવા માટે આતુર હતી. આના પર મેલોનીએ કહ્યું કે ટ્રમ્પની આ વાર્તા સંપૂર્ણપણે ખોટી અને મનઘડંત છે.


ટ્રમ્પે ઈટાલિયન ટીવી ચેનલ La7 સાથેની વાતચીતમાં કહ્યું, “તે મારા સાથે ફોટો ઈચ્છતી હતી. હું આવું કરવા માંગતો ન હતો, પરંતુ મને તેના પર દયા આવી ગઈ.” આના પર મેલોનીએ કહ્યું,

હું આશ્ચર્યચકિત છું. સમજાતું નથી કે અમેરિકાના રાષ્ટ્રપતિ પોતાના સહયોગીઓ સાથે આવો વ્યવહાર શા માટે કરે છે. એક વાત તેમને યાદ રાખવી જોઈએ - ન હું અને ન તો ઈટાલી ક્યારેય કોઈની સામે કરગરે છે.

વિવાદ વધ્યા બાદ ઈટાલીના વિદેશ મંત્રી એન્ટોનિયો તાયાનીએ આવતા અઠવાડિયાનો પોતાનો અમેરિકી પ્રવાસ રદ કરી દીધો. તેમણે કહ્યું કે ટ્રમ્પનું નિવેદન માત્ર વડાપ્રધાનનું જ નહીં, પરંતુ સમગ્ર ઈટાલીનું અપમાન છે.

મેલોનીએ X પર પોસ્ટ કરીને ટ્રમ્પના નિવેદનને નારાજગી વ્યક્ત કરતા ફગાવી દીધું.

**G7માં સાથે દેખાયા હતા ટ્રમ્પ અને મેલોની**



તાજેતરના G7 શિખર સંમેલન દરમિયાન ટ્રમ્પ અને મેલોની વચ્ચેના સંબંધોમાં સુધારાના સંકેતો જોવા મળ્યા હતા. ફ્રાન્સમાં યોજાયેલી બેઠક દરમિયાન બંને નેતાઓને અનેક પ્રસંગોએ સાથે જોવામાં આવ્યા હતા. બંને એક સોફા પર બેસીને લાંબી વાતચીત કરતા જોવા મળ્યા અને તેમની તસવીરો પણ ચર્ચામાં રહી.

તે સમયે એવું માનવામાં આવતું હતું કે આ વર્ષની શરૂઆતમાં ઉભા થયેલા મતભેદો પછી બંને નેતાઓના સંબંધો ફરી સામાન્ય થઈ રહ્યા છે. પરંતુ ટ્રમ્પના તાજા નિવેદન પછી બંને દેશો વચ્ચે ફરી તણાવ વધી ગયો છે.

**મેલોનીની પાર્ટીએ પણ ટ્રમ્પની ટીકા કરી**

મેલોનીની પાર્ટી બ્રધર્સ ઓફ ઈટાલીના સેનેટ નેતા લુચિયો મલાને કહ્યું કે ટ્રમ્પ પહેલા પણ ઘણા યુરોપિયન નેતાઓ વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણીઓ કરી ચૂક્યા છે અને તેનાથી સૌથી વધુ નુકસાન તેમની પોતાની છબીને થઈ રહ્યું છે.

તેમણે કહ્યું કે G7 સંમેલનના વીડિયો ટ્રમ્પના દાવાથી બિલકુલ અલગ તસવીર બતાવે છે. તેમના મતે ટ્રમ્પને કદાચ આ વાત પરેશાન કરે છે કે જરૂર પડ્યે મેલોની અમેરિકાને ‘ના‘ કહેવાથી અચકાતી નથી.

રાષ્ટ્રપતિ સર્જિયો મત્તારેલાએ તરત જ મેલોનીને ફોન કરીને સમર્થન વ્યક્ત કર્યું. વિપક્ષી ડેમોક્રેટિક પાર્ટીના સાંસદ ફિલિપો સેન્સીએ કહ્યું કે કોઈને પણ ઈટાલિયન વડાપ્રધાન સાથે આવા અહંકારી સ્વરમાં વાત કરવાનો અધિકાર નથી.

ઈટાલીના સત્તાધારી ગઠબંધનની સહયોગી લીગ પાર્ટીના નેતા માટ્ટેઓ સાલ્વિનીએ મેલોનીના સમર્થનમાં ઉતરતા કહ્યું, “જ્યોર્જિયા મેલોની પર હુમલો સમગ્ર ઈટાલી પર હુમલો છે.”

**G7 દરમિયાન ટ્રમ્પ અને મેલોનીની વાતચીતનો વીડિયો**

**ટ્રમ્પ પર યુરોપ-અમેરિકાના સંબંધો બગાડવાનો આરોપ**

મેલોનીના નજીકના સહયોગી અને વડાપ્રધાન કાર્યાલયના અન્ડરસેક્રેટરી જિયોવાનબાટિસ્ટા ફાઝોલારીએ કહ્યું કે ટ્રમ્પ જાણીજોઈને કે અજાણતા અમેરિકા અને યુરોપના ઐતિહાસિક સંબંધોને નુકસાન પહોંચાડી રહ્યા છે.

તેમણે કહ્યું કે ટ્રમ્પના આવા નિવેદનોએ સમગ્ર યુરોપમાં અમેરિકાની છબીને નુકસાન પહોંચાડ્યું છે અને તેનું સૌથી વધુ નુકસાન ખુદ અમેરિકાને થશે.

**ટ્રમ્પના સમર્થક રહ્યા છે મેલોની**

BBC અનુસાર ટ્રમ્પ અને મેલોનીના સંબંધો પહેલાં ખૂબ નજીકના માનવામાં આવતા હતા. 2025માં ટ્રમ્પના શપથ ગ્રહણ સમારોહમાં હાજર રહેનાર તેઓ એકમાત્ર યુરોપિયન નેતા હતા.

# બાંગ્લાદેશમાં 'જય શ્રીરામ'ના નારા સાથે હજારો હિંદુઓ રસ્તા પર ઉતર્યા : સરકારને 72 કલાકનું અલ્ટીમેટમ

**ઢાકા, તા.20**

બાંગ્લાદેશની રાજધાની ઢાકામાં શુક્રવારે સાંજે આકાશ ‘જય શ્રી રામ’ના જયઘોષથી ગુંજી ઉઠ્યું. તેનું કારણ ભગવાન રામની મૂર્તિને લઈને ઉભો થયેલો વિવાદ છે. ઈસ્લામિક કટ્ટરપંથીઓ રંગપુરમાં સ્થાપિત થનારી ભગવાન રામની મૂર્તિનો વિરોધ કરી રહ્યા છે. આ દરમિયાન ભગવાન રામના ચિત્રનું અપમાન કરવામાં આવ્યું, જેના પછી બાંગ્લાદેશના ઢાકામાં મોટા પાયે વિરોધ પ્રદર્શનો શરૂ થયા છે. લોકોએ ભગવાન રામના જયકારા લગાવીને વિરોધ પ્રદર્શન કર્યું. ઓલ ઈન્ડિયાના રિપોર્ટમાં જણાવાયું છે કે પ્રદર્શનકારીઓએ નેશનલ મ્યુઝિયમ વિસ્તારથી નેશનલ પ્રેસ ક્લબ સુધી હાથમાં મશાલ લઈને કૂચ કરી. તેમણે ન્યાય અને લઘુમતીઓના અધિકારોના રક્ષણની માગ કરતા નારા લગાવ્યા છે.

રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે સભાને સંબોધિત કરતા સંગઠનના નેતાઓએ અપમાનની ઘટનાની તપાસની માગ કરી છે. પ્રદર્શનકારીઓ જવાબદાર લોકો સામે કાયદેસરની કાર્યવાહીની માગ કરી રહ્યા છે. તેમણે કહ્યું કે ધાર્મિક ભાવનાઓ પરના હુમલાઓથી સાંપ્રદાયિક સૌહાર્દ નબળું પડી શકે છે. તેમણે સરકારને લઘુમતી સમુદાયોની સુરક્ષા અને સલામતી સુનિશ્ચિત કરવા અપીલ કરી છે. રંગપુરના ઉત્તરી ગાયબંધા



જિલ્લાના પલાશવાડીમાં ભગવાન રામની 81 ફૂટ ઊંચી મૂર્તિ સ્થાપિત થવા જઈ રહી હતી. આ દરમિયાન તે નિર્માણ કાર્ય રોકી દેવામાં આવ્યું. તેને રોકવાનો આરોપ ઈસ્લામિક કટ્ટરપંથીઓ પર લાગ્યો. રિપોર્ટમાં શ્રી શ્રી રાધા ગોવિંદ મંદિર સમિતિએ દાવો કર્યો કે અધિકારીઓને ઈસ્લામિક જૂથો તરફથી ધમકીઓ મળી હતી. આ ઘટનાએ મુસ્લિમ બહુમતી ધરાવતા બાંગ્લાદેશમાં લઘુમતી વસ્તીના અધિકારોને લઈને ચિંતા ઊભી કરી છે. ધમકીઓના મામલે પોલીસે કેસ નોંધ્યો હતો, પરંતુ હજુ સુધી કોઈ ધરપકડ થઈ નથી. તેના વિરોધમાં શુક્રવારે ઘણા હિંદુ સંગઠનો અને વિદ્યાર્થી નેતાઓ શાહબાગ ચોક પર એકઠા થયા. આ વિરોધ પ્રદર્શનમાં એકઠા થવા માટે હિંદુ મહાજોતે અપીલ કરી હતી. આ સંગઠને નેશનલ પ્રેસ ક્લબ સામે એક હ્યુમન ચેઈન પણ બનાવી. એક અન્ય જૂથે ઢાકા રિપોર્ટર્સ યુનિટી ઈમારત પાસે વિરોધ પ્રદર્શન કર્યું. અન્ય એક જૂથે ઢાકા રિપોર્ટર્સ યુનિટી (DRU) પાસે પોતાનો વિરોધ નોંધાવ્યો. તે જ સમયે, રંગપુરમાં પોલીસ દ્વારા પ્રદર્શનકારીઓને રોકવામાં આવ્યા બાદ હળવી અથડામણના પણ સમાચાર છે.

તારિક રહેમાનના નેતૃત્વ હેઠળની બીએનપી (BNP) સરકાર પર નિષ્ક્રિયતાનો આરોપ લગાવતા, પ્રદર્શનકારીઓએ દોષિતોની ધરપકડ માટે 72 કલાકનું અલ્ટીમેટમ આપ્યું છે. હિંદુ સમુદાયે ચેતવણી આપી છે કે જો માંગણીઓ પૂરી નહીં થાય તો આગળ વધુ રેલીઓ કરવામાં આવશે. શનિવારે ધાર્મિક બાબતોના મંત્રાલયને એક મેમોરેન્ડમ પણ સુપરત કરવામાં આવશે. હિંદુ મહાજોટે સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો રામ મૂર્તિનું નિર્માણ ફરીથી શરૂ કરવા દેવામાં નહીં આવે, તો તેઓ બાંગ્લાદેશના તમામ 64 જિલ્લાઓમાં એક પછી એક રામ મંદિરનું નિર્માણ કરશે.

# પાકિસ્તાનમાં બે બોમ્બ વિસ્ફોટ, 7 લોકોના મોત : 3 ઘાયલ; વિસ્તારમાં વધુ બોમ્બ હોવાની આશંકા, સર્ચ ઓપરેશન ચાલુ

**બન્નૂ, તા.20**

પાકિસ્તાનના ઉત્તર-પશ્ચિમ બન્નૂ જિલ્લામાં શનિવારે થયેલા બે બોમ્બ વિસ્ફોટમાં 7 લોકોના મોત થયા છે, જ્યારે અન્ય 3 ઘાયલ થયા છે. અધિકારીઓએ આની પુષ્ટિ કરી છે.

પોલીસના જણાવ્યા અનુસાર, પહેલો વિસ્ફોટ વઝીરના ફાંગ મૂસા ખેલ વિસ્તારમાં થયો હતો. તેમાં એક યાત્રી ગાડીને નિશાન બનાવવામાં આવી હતી. ગાડી ડોમેલ તરફ જઈ રહી હતી, ત્યારે રિમોટ કંટ્રોલથી વિસ્ફોટ કરવામાં આવ્યો. તેમાં 5 લોકોના મોત થયા અને અન્ય 3 ઘાયલ થયા.

પહેલા વિસ્ફોટના ઘાયલોને સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવી રહ્યા હતા, ત્યારે થોડા સમય પછી બીજો વિસ્ફોટ થયો. આ વિસ્ફોટ પહેલા હુમલાની જગ્યાથી લગભગ એક કિલોમીટર દૂર થયો. તેમાં વધુ 2 લોકોના મોત થયા અને એક ગાડીને પણ નુકશાન થયું.

**સુરક્ષા દળો ઘટનાસ્થળે પહોંચ્યા**

બન્નુના જિલ્લા પોલીસ અધિકારી (DPO) યાસિર આફ્રિદીએ જણાવ્યું કે સુરક્ષા દળો ઘટનાસ્થળે પહોંચી ગયા છે. ઘટનાસ્થળેથી પુરાવા એકત્ર કરવામાં આવ્યા છે અને કેસની તપાસ શરૂ કરી દેવામાં આવી છે.





પોલીસે નિવેદન જારી કરીને આ હુમલાઓને કાયરતાપૂર્ણ આતંકવાદી કાર્યવાહી ગણાવી. પોલીસના જણાવ્યા અનુસાર, બંને વાહનોને રિમોટ કંટ્રોલથી કરાયેલા વિસ્ફોટોથી નિશાન બનાવવામાં આવ્યા હતા.

રાહત અને બચાવ ટીમોએ મૃતકોના મૃતદેહો અને ઘાયલોને ડોમેલ ગ્રામીણ આરોગ્ય કેન્દ્ર અને ખલીફા ગુલ નવાઝ ટીચિંગ હોસ્પિટલમાં પહોંચાડ્યા. બાદમાં સુરક્ષા દળોએ સમગ્ર વિસ્તારને ઘેરી લીધો અને સર્ચ ઓપરેશન શરૂ કર્યું. અધિકારીઓને આશંકા છે કે હજુ પણ આ વિસ્તારમાં વધુ બોમ્બ હોઈ શકે છે. પાકિસ્તાનના રાષ્ટ્રપતિએ આતંકવાદીઓને ચેતવણી આપી પાકિસ્તાનના રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારીએ હુમલાની સખત નિંદા કરી અને નાગરિકોના મોત પર દુઃખ વ્યક્ત કર્યું. તેમણે મૃતકોના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી અને ઘાયલોના ઝડપથી સ્વસ્થ થવાની દુઆ કરી. રાષ્ટ્રપતિ ભવન દ્વારા જારી કરાયેલા નિવેદનમાં જણાવાયું હતું કે રાષ્ટ્રપતિ ઝરદારીએ આતંકવાદીઓ અને તેમને સુરક્ષિત આશ્રય, આર્થિક મદદ તેમજ અન્ય સંસાધનો પૂરા પાડનારાઓને ચેતવણી આપી છે. રાહત અને બચાવ ટીમોએ મૃતકોના મૃતદેહો અને ઘાયલોને ડોમેલ ગ્રામીણ આરોગ્ય કેન્દ્ર અને ખલીફા ગુલ નવાઝ ટીચિંગ હોસ્પિટલમાં પહોંચાડ્યા. બાદમાં સુરક્ષા દળોએ સમગ્ર વિસ્તારને ઘેરી લીધો અને સર્ચ ઓપરેશન શરૂ કર્યું. અધિકારીઓને આશંકા છે કે હજુ પણ આ વિસ્તારમાં વધુ બોમ્બ હોઈ શકે છે. પાકિસ્તાનના રાષ્ટ્રપતિએ આતંકવાદીઓને ચેતવણી આપી પાકિસ્તાનના રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારીએ હુમલાની સખત નિંદા કરી અને નાગરિકોના મોત પર દુઃખ વ્યક્ત કર્યું. તેમણે મૃતકોના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી અને ઘાયલોના ઝડપથી સ્વસ્થ થવાની દુઆ કરી.

રાષ્ટ્રપતિ ભવન દ્વારા જારી કરાયેલા નિવેદનમાં જણાવાયું હતું કે રાષ્ટ્રપતિ ઝરદારીએ આતંકવાદીઓ અને તેમને સુરક્ષિત આશ્રય, આર્થિક મદદ તેમજ અન્ય સંસાધનો પૂરા પાડનારાઓને ચેતવણી આપી છે. ઝરદારીએ કહ્યું કે હુમલાખોરો પાકિસ્તાનની રાજદ્વારી સિદ્ધિઓ અને શાંતિ પ્રયાસોને નબળા પાડવા માંગે છે. તેમણે પુનરોચ્ચાર કર્યો કે પાકિસ્તાન પ્રાદેશિક અને વૈશ્વિક શાંતિ માટે પ્રતિબદ્ધ છે અને આતંકવાદને હરાવવામાં આવશે. પાકિસ્તાનના ગુરુદ્વારામાં સેવાભાવી દંપતીની ગોળી મારીને હત્યા: હુમલા બાદ પરિસરના CCTV ગાયબ, પોલીસને ટાર્ગેટ કિલિંગની શંકા પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં ગુરુદ્વારાની અંદર શીખ કેરટેકર દંપતીની હત્યા કરવામાં આવી. પોલીસના જણાવ્યા અનુસાર, આ ઘટના પેશાવરથી લગભગ 60 કિમી દૂર મરદાનના બાબુ મોહલ્લા વિસ્તારમાં બની હતી.

# કોરોનાને જાણીજોઈને આટલો ખતરનાક બનાવ્યો : વુહાન લેબને અમેરિકી વૈજ્ઞાનિકે જ આપ્યું હતું લાખો ડોલરનું ફંડિંગ, તુલસી ગબાર્ડે ખોલ્યાં સીક્રેટ ડોક્યુમેન્ટ્સનાં રહસ્ય

**વોશિંગ્ટન, તા.20**

અમેરિકાના પૂર્વ ગુપ્તચર પ્રમુખ તુલસી ગબાર્ડે ઓફિસમાં તેમના છેલ્લા દિવસે મોટા વૈજ્ઞાનિક ડો. એન્થની ફૌસી પર ગંભીર આરોપો લગાવ્યા છે. તેમણે કેટલાક ગુપ્ત દસ્તાવેજો જાહેર કરીને દાવો કર્યો છે કે ડો. ફૌસીએ ચીનની વુહાન લેબને લાખો ડોલરનું સરકારી ફંડ આપ્યું હતું.

આ પૈસાનો ઉપયોગ ચામાચીડિયાના કોરોના વાયરસને વધુ ખતરનાક બનાવતા સંશોધન માટે થયો હતો. આરોપ છે કે જ્યારે મહામારી ફેલાઈ, ત્યારે ડો. ફૌસીએ એ વાત દબાવી દીધી કે વાયરસ લેબમાંથી લીક થયો હતો. ગબાર્ડના મતે, ડો. ફૌસીએ 2024માં અમેરિકી સંસદ સમક્ષ શપથ લીધા પછી પણ જૂઠું બોલ્યા હતા. **આરોપ- ડો. ફૌસીએ લેબમાંથી કોરોના ફેલાવવાની વાત દબાવી**

2020માં જ્યારે અમેરિકામાં કોરોના ફેલાયો, ત્યારે ટ્રમ્પ સરકારે તેનાથી નિપટવાની જવાબદારી ડો. ફૌસીને સોંપી હતી.

**કયા સંશોધન માટે વૈજ્ઞાનિકે ફંડિગ આપ્યું હતું?**

આરોપ છે કે ડો. ફૌસીએ ‘ગેન-ઓફ-ફંક્શન રિસર્ચ’ માટે ફંડિંગ કર્યું હતું. આ એક એવી વૈજ્ઞાનિક રિસર્ચ છે, જેમાં કોઈ વાયરસને લેબની અંદર જાણીજોઈને વધુ શક્તિશાળી, ચેપી કે ખતરનાક બનાવવામાં આવે છે. વૈજ્ઞાનિકો આવું એટલા માટે કરે છે જેથી એ સમજી શકાય કે ભવિષ્યમાં કોઈ વાયરસ મનુષ્યો પર કેટલો મોટો હુમલો કરી શકે છે અને તેની વેક્સિન કેવી રીતે બનશે, પરંતુ આમાં વાયરસ લીક થવાનો ખતરો ખૂબ જ વધારે હોય છે.

**આ રિસર્ચનો કોવિડ-19 સાથે શું સંબંધ?**

ગબાર્ડનો દાવો છે કે વુહાન ઈન્સ્ટિટ્યૂટ ઑફ વાયરોલોજીમાં ચામાચીડિયાના કોરોના વાયરસ પર આ જ ખતરનાક રિસર્ચ ચાલી રહી હતી. એવું માનવામાં આવે છે કે આ જ લેબમાંથી વાયરસ અકસ્માતે લીક થયો અને દુનિયાભરમાં કોરોના



મહામારી ફેલાઈ.

**સત્ય છુપાવવા માટે શું રમત રમવામાં આવી હતી?**

ગબાર્ડની ઓફિસ અનુસાર, ડૉ. ફૌસીએ પોતે એક ’નકલી વૈજ્ઞાનિક પેપર’ તૈયાર કરાવ્યું અને તેમના મનપસંદ વૈજ્ઞાનિકોને ગુપ્તચર એજન્સીઓ પાસે મોકલ્યા. આ વૈજ્ઞાનિકોએ સત્તાવાર રિપોર્ટમાં લખાવ્યું કે કોરોના વાયરસ લેબમાંથી નહીં પરંતુ કુદરતી રીતે પ્રાણીઓમાંથી મનુષ્યોમાં ફેલાયો છે, જેથી ફૌસીનો ખતરનાક રિસર્ચ પ્રોજેક્ટ છુપાયેલો રહે.

**ડૉ. ફૌસી પર આ આરોપો કયા આધારે લાગ્યા છે?**

વ્હિસલબ્લોઅર્સની જુબાની પરથી સ્પષ્ટ થાય છે કે જે ગુપ્તચર વિશ્લેષકોએ ડૉ. ફૌસીની ’કુદરતી ઉત્પત્તિ’ વાળી થિયરી પર સવાલ ઉઠાવ્યા હતા, તેમને કારકિર્દી બરબાદ કરવાની ધમકીઓ આપવામાં આવી, પજવણી કરવામાં આવી અને તેમને બાજુ પર મૂકી દેવામાં આવ્યા. ડૉ. એન્થની ફૌસી ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટ દરમિયાન કોરોના મહામારીના સમયે મુખ્ય જાહેર આરોગ્ય નિષ્ણાત તરીકે પણ સામે આવ્યા. ડૉ. એન્થની ફૌસી ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટ દરમિયાન કોરોના મહામારીના સમયે મુખ્ય જાહેર આરોગ્ય નિષ્ણાત તરીકે પણ સામે આવ્યા.

**ફૌસી પર પહેલા પણ સવાલો ઉઠતા રહ્યા છે**

કોરોના મહામારી દરમિયાન ડૉ. એન્થની ફૌસી ઘણી વખત વિવાદોમાં રહ્યા. આરોપ લાગ્યા કે અમેરિકી સરકાર પાસેથી મળેલા પૈસાનો એક ભાગ બિન-લાભકારી સંસ્થા ‘ઈકોહેલ્થ એલાયન્સ’ દ્વારા ચીનની વુહાન લેબમાં ચામાચીડિયાના કોરોના વાયરસ પર સંશોધન માટે ઉપયોગ થયો.

2021માં અમેરિકી સંસદની સુનાવણીમાં ફૌસીએ કહ્યું હતું કે તેમની એજન્સીએ વુહાન લેબમાં વાયરસને વધુ ખતરનાક બનાવતા સંશોધન માટે ફંડ આપ્યું ન હતું. જોકે, બાદમાં સામે આવેલા કેટલાક દસ્તાવેજો અને કોંગ્રેસની તપાસ પછી રિપબ્લિકન નેતાઓએ તેમના નિવેદન પર સવાલો ઉઠાવ્યા.

ફૌસી હંમેશા આ આરોપોને નકારતા રહ્યા છે અને તેમનું કહેવું છે કે હજુ સુધી કોરોનાની ઉત્પત્તિને લઈને કોઈ નક્કર અને અંતિમ નિષ્કર્ષ નીકળ્યો નથી.

**ટ્રમ્પ સરકારના ડાયરેક્ટર ઓફ નેશનલ ઈન્ટેલિજન્સના વડા હતા તુલસી**

ટ્રમ્પ સરકારના ટોચના હિંદુ અધિકારી તુલસી ગબાર્ડે 22 મેના રોજ પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું હતું.

# સંયુક્ત રાષ્ટ્રમાં ઇઝરાયલી રાજદૂત અને UN અધિકારી વચ્ચે ઉગ્ર બોલાચાલી, યૌન હિંસા સંબંધિત રિપોર્ટમાં ઇઝરાયલનું નામ આવતા નારાજ હતા

**ન્યૂયોર્ક, તા.20**

સંયુક્ત રાષ્ટ્ર (UN) માં શુક્રવારે એક બેઠક દરમિયાન ઈઝરાયલના રાજદૂત ડેની ડેનોન અને UN મહાસચિવના વિશેષ પ્રતિનિધિ પ્રમિલા પેટન વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ. આ બેઠક યુદ્ધ દરમિયાન થતી યૌન હિંસાને રોકવાના આંતરરાષ્ટ્રીય દિવસના પ્રસંગે ન્યૂયોર્કમાં યોજાઈ હતી.

બેઠકમાં ઈઝરાયલના રાજદૂતે UN અધિકારી પેટનના રાજીનામાની માંગ કરી. ડેનને આરોપ લગાવ્યો કે પેટનના રિપોર્ટને કારણે ઈઝરાયલનું નામ પ્રથમ વખત યૌન હિંસા સંબંધિત આરોપોના મામલે સંયુક્ત રાષ્ટ્રની બ્લેકલિસ્ટમાં આવ્યું. તેમનું કહેવું હતું કે રિપોર્ટ નિષ્પક્ષ ન હતો અને તેમાં ઈઝરાયલ વિરુદ્ધ પક્ષપાત દર્શાવવામાં આવ્યો હતો. ડેનને પેટન પર આરોપ લગાવતા કહ્યું, “તમે સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસના ઈઝરાયલ-વિરોધી વલણના દબાણમાં આવી ગયા છો.” તેમનો દાવો હતો કે ગુટેરેસ સતત ઈઝરાયલની ટીકા કરતા રહ્યા છે અને પેટનનો રિપોર્ટ પણ તે જ વિચારથી પ્રભાવિત હતો.

**ચર્ચામાં કૂદી પડ્યા UN અધિકારી**



વિવાદ વધ્યા પછી UNના અધિકારી વેનેસા ફ્રેઝરે હસ્તક્ષેપ કર્યો. ફ્રેઝરે ડેનનને કહ્યું કે તેઓ વ્યક્તિગત હુમલા કરવાનું ટાળે. તેમણે એમ પણ કહ્યું કે રિપોર્ટ પુરાવાઓ પર આધારિત છે.

આના પર ડેનન વધુ નારાજ થયા. તેમણે ફ્રેઝરને કહ્યું કે તેઓ ચૂપ રહે. ડેનને કહ્યું, અમે સંયુક્ત રાષ્ટ્રના સભ્ય દેશ છીએ અને તમે સંયુક્ત રાષ્ટ્રના કર્મચારી છો. હવે તમે ચૂપ રહેશો. તમે અને તમારો આ શરમજનક રિપોર્ટ બંને ચૂપ રહેશે

**ઈઝરાયલ અને હમાસ પણ લિસ્ટમાં સામેલ**

ખરેખરમાં, સંયુક્ત રાષ્ટ્ર દર વર્ષે એવા દેશો, સેનાઓ અને સશસ્ત્ર જૂથોની યાદી બહાર પાડે છે જેના પર સંઘર્ષ દરમિયાન જાતીય હિંસાના ગંભીર આરોપો હોય છે. આ વખતે પ્રથમ વખત ઈઝરાયલને આ યાદીમાં સામેલ કરવામાં આવ્યું. આ સાથે જ હમાસ અને અન્ય પેલેસ્ટિનિયન સશસ્ત્ર જૂથોને પણ યાદીમાં રાખવામાં આવ્યા.

29 મેના રોજ જાહેર કરાયેલા આ અહેવાલ અનુસાર-

ગાઝા યુદ્ધ દરમિયાન ઈઝરાયલી અટકાયત કેન્દ્રો સાથે સંકળાયેલી યૌન હિંસા અને જાતીય દુર્વ્યવહારના આરોપો સામે આવ્યા છે. આરોપો ઈઝરાયલી સેના, પોલીસ અને જેલ સેવાના કેટલાક અધિકારીઓ પર લાગ્યા.

## તંત્રી લેખ

# 70% ડ્રગ્સ ગુજરાતથી આવે છે, ગુજરાત બનાવે છે પંજાબને 'ઉડતા પંજાબ'

બંગાળ જીત્યા પછી ભાજપે TMCનો ખેલ પાડી દીધો. હવે ટાર્ગેટ પર છે પંજાબ અને આમ આદમી પાર્ટી. કેજરીવાલ સમજી ગયા છે કે ભાજપ હવે AAPના હાલ TMC જેવા કરી શકે છે, એટલે તેમણે અત્યારથી પંજાબમાં ચૂંટણીનો માહોલ ઊભો કરવાનું શરૂ કરી દીધું. કેજરીવાલે ભટિંડાની સભામાં તો ત્યાં સુધી કહ્યું કે પંજાબ વિધાનસભાની ચૂંટણી ભલે 2027માં હોય પણ મને ખબર છે ત્યાં સુધી આ જ વર્ષના નવેમ્બરમાં ચૂંટણી થવાની છે. કેજરીવાલે ભગવંત માનના બે મોઢે વખાણ કર્યા.

કેજરીવાલે ભગવંત માનના વખાણ કર્યા ને તેના બે જ દિવસમાં શીખોની સર્વોચ્ચ ધાર્મિક સંસ્થા શ્રી અકાલ તખ્ત સાહિબે ભગવંત માનને શીખોના દુશ્મન ગણાવી દીધા. પેચ અહીં ફસાયો. હવે કેજરીવાલ માટે સમસ્યા એ થઈ છે કે માનની આબરૂ બચાવવાની છે. કેજરીવાલ પણ ગાંજ્યા જાય તેમ નથી.

જલંધરમાં પંજાબના વેપારી આયોગની મિટિંગ થઈ. તેમાં કેજરીવાલે ભાજપના હોમટાઉન ગણાતા ગુજરાતને આડેહાથ લીધું. તેમણે પંજાબમાં ડ્રગ્સ અને ગેંગસ્ટરના મુદ્દાને હવા આપી ને ગુજરાત પર ઠીકરું ફોડ્યું. આ લડાઈ જાણે આમ આદમી પાર્ટી કે ભાજપની નહીં પણ પંજાબ અને ગુજરાતની બની ગઈ હોય તેવું લાગે છે. ભાજપે સંકેત આપી દીધા છે કે આ વખતે પંજાબની તમામ 170 સીટ પર ઉમેદવારો ઉતારશે. બંગાળમાં કોંગ્રેસ પિક્ચરમાં નહોતી. TMC અને ભાજપની જ લડાઈ હતી, તેમ પંજાબમાં કોંગ્રેસ કે શિરોમણી અકાલીદળ પિક્ચરમાં નથી. ભાજપ અને AAPની સીધી લડાઈ છે.

કેજરીવાલે ગુજરાત પર નિશાન સાધ્યું તે ભાજપથી સહન નહીં થાય. ભાજપ આજે નહીં તો કાલે, આનો જવાબ આપશે. કેજરીવાલે ગુજરાત પર માછલાં ધોયાં, તેની વાત આગળ કરીશું પણ ભગવંત માન ક્યાં ભેરવાઈ ગયા, પહેલા તે જાણીએ...

ઓક્ટોબર 2025માં વીડિયો પહેલીવાર સામે આવ્યો હતો. ત્યારે NRI જગમાન સામરાએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યો હતો. ભગવંત માન તેમના ઘરમાં ટી-શર્ટ, ચડ્ડી પહેરીને હાથમાં દારૂનો ગ્લાસ લઈને આંટા મારે છે અને દીવાલ પર ટીંગાતી ગુરૂ ગ્રંથ સાહિબની તસવીર સામે ગ્લાસ ધરે છે ને તેના પર છાંટણાં ઊડાડે છે. પછી ટીવીની કેબિનેટ પાસે પેશાબ કરે છે. આ વીડિયો વાયરલ થતાં જ ભગવંત માન પર ગુરૂ ગ્રંથ સાહિબનું અપમાન કર્યું હોવાના આરોપ લાગ્યા. શીખ ધર્મની સર્વોચ્ચ સંસ્થા શ્રી અકાલ તખ્ત સાહિબે નારાજગી વ્યક્ત કરી. ભગવંત માને ખુલાસો કર્યો કે આ AI જનરેટેડ ડીપફેક વીડિયો છે. વીડિયોમાં દેખાતો માણસ હું છું જ નહીં. ચહેરો થોડો અલગ છે. કદકાઠી ને રંગ અલગ છે. શ્રી અકાલ તખ્ત સાહિબના જેથ્થેદારોએ નક્કી કર્યું કે વીડિયોનો ફોરેન્સિક લેબમાં ટેસ્ટ કરાવાશે. રિપોર્ટ આવતાં વાર લાગે એ દરમિયાન શ્રી અકાલ તખ્ત સાહિબે ભગવંત માનને હાજર થવા સમન પાઠવ્યું. 15 જાન્યુઆરી 2026એ સીએમ માન અકાલ તખ્ત સામે હાજર થયા હતા. થોડા મહિના વિત્યા ને બંને લેબના રિપોર્ટ આવી ગયા. એક રિપોર્ટ કેન્દ્ર સરકારની લેબનો હતો. બીજો રિપોર્ટ પંજાબની જ રાજ્ય સરકારની લેબનો રિપોર્ટ હતો. બંને રિપોર્ટમાં એવું લખેલું હતું કે વીડિયો વાયરલ થયો તે રિયલ છે. AI જનરેટેડ નથી. રિપોર્ટ આવતાં જ શ્રી અકાલ તખ્ત સાહિબના જેથ્થેદારોની મિટિંગ મળી. 16 જૂન, મંગળવારે એટલે ચાર દિવસ પહેલાં શ્રી અકાલ તખ્ત સાહિબના જેથ્થેદાર જ્ઞાની કુલદીપસિંહ ગડગજે કહ્યું કે, વીડિયો સાચો જ હતો. એટલે ભગવંત માને ગુરૂ ગ્રંથ સાહિબનું અપમાન કર્યું છે એ નક્કી થઈ ગયું. હવે અકાલ તખ્ત મુખ્યમંત્રી ભગવંત માનને ગુરૂ દોખી (ગુરૂના દોષી) અને ખાલસા પંથ વિરોધી (શીખ વિરોધી) જાહેર કરે છે.

# આજે યોગ દિવસે, યોગને જીવન અંગ બનાવી વિશ્વને શાંતિની અણમોલ ભેટ આપીએ.



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

આજે 20 જૂન એટલે કે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ છે, સાંપ્રત સમયમાં આવાં કેટલાંય દિવસો ઉજવાય છે, પરંતુ ભારત તરફથી આ દિવસ આપીને વિશ્વને જાણે શાંતિની રાહ ચીંધી છે, કારણ કે યોગની નીપજ શાંતિ છે. ભારતીય સંસ્કૃતિની આગવી ઓળખ જેવાં કથા, કિર્તન, ભજન, યોગ, ધ્યાન, પ્રાણાયામ! વગેરે માધ્યમથી જ શાંતિ મળશે! એટલે વિશ્વ આખાએ આ પ્રયોગ કરવા જેવો ખરો! એવો આ દિવસ પાછળનો નિખાલસ હેતું છે. ઈશ્વરની અનુભૂતિ કરવી એ દરેક માનવીનું મુખ્ય લક્ષ્ય હોવું જોઈએ, ત્યારે આ લક્ષ્ય યોગ દ્વારા સિદ્ધ થઈ શકે છે. ભગવાન પતંજલિએ યોગને જગ પ્રસિદ્ધ કર્યો. એમણે યોગને આઠ વિભાગમાં વહેંચીને એકદમ સરળ બનાવ્યો. જેમ કે યમ, નિયમ, આસન, પ્રાણાયમ,પ્રત્યાહાર, ધારણા, ધ્યાન,સમાધિ. પણ આ તો થઈ શાસ્ત્રીય વાતો.

સર્વપ્રથમ તો યોગ એટલે શું? તો યોગ એટલે સતત વિષયી ઈન્દ્રિયોમાં પ્રવૃત્ત રહેતા મનને એ ભાવમાંથી મુક્ત કરી ઈશ્વર સાથે જોડવાની ક્રિયા. ઈશ્વર સાથે મન જોડો અને દેહ આસક્તિ છોડો, એટલે કે સમાધિ! જ્યાં સુધી માનવી પોતાની જાત સાથે જોડાતો નથી, ત્યાં સુધી તે સમાધિસ્થ પણ થઈ શકતો નથી. પહેલા અહંકાર મુક્ત પોતાપણું સિદ્ધ કરવું, અને પછી એ પ્રાણતત્વને દેહથી અલિપ્ત કરવું, આ ક્રિયાને યોગ કહેવામાં આવે છે, યોગ એ ફક્ત ક્રિયા નથી, ભારતીય અધ્યાત્મને વિશ્વ ફલક પર પ્રદર્શિત કરનાર એક સફળ સાધન છે, અને એનાથી ગંભીર રોગને મટાડી શકાય છે, માનસિક તણાવમાં પણ બહુ મોટો ફાયદો થાય છે, એ હવે વિશ્વ પ્રસિદ્ધ થયું છે.

યોગ સાધનાને બે ભાગમાં વહેંચવામાં આવે છે,એક બાહ્ય યોગ અને બીજું આંતરિક યોગ. બાહ્ય યોગના પાંચ અવયવ છે.

યમ, નિયમ, આસન,

સામાન્ય રીતે યોગને નામે પાંચ વસ્તુઓ જ થતી વધુ જોવા મળે છે, જેનાથી શારીરિક સ્વાસ્થ્ય બનાવી શકાય, પણ તેનાથી આંતર શુદ્ધી શક્ય નથી, જાગરણ થતું નથી, આત્મ દીપ પ્રજ્વલિત થતો નથી, તેમજ આત્મા સ્વરૂપે જે પરમાત્મા બિરાજમાન છે, તેની પ્રતીતિ થતી નથી. પરંતુ થાય ત્યારે ત્યાંથી જ થાય છે, એ સત્યને પણ સ્વીકારવું પડે.

યમને પાંચ ભાગમાં વહેંચવામાં આવે છે, (૧) સત્ય, (૨) અહિંસા, (૩)અસ્તેય, (૪) અપરિગ્રહ અને (૫)બ્રહ્મચર્ય. અને યોગ કરનારે સીધાસાદા સમજી શકાય એવા પાંચે નિયમને સંસારીઓ અનુસરી શકે છે.

નિયમનાં પણ પાંચ ભાગ છે, શૌચ, સંતોષ, તપસ, સ્વાધ્યાય અને ઈશ્વરપ્રણિધાન. શૌચ ક્રિયા દ્વારા શરીરશુદ્ધિ કરી, અને આ યોગ સાધના કરવી, આંતરિક રીતે આંતરડામાં રહેલાં વાત, પિત્ત, અને કફનાં સંતુલન પર યોગનો મુખ્ય આધાર હોવાથી, તેને મુખ્ય ક્રિયા તરીકે ગણવામાં આવે છે. શારીરિક અને માનસિક રોગ મુક્ત સંતોષનો અનુભવ કરાવી શકે, એટલે એ રીતે પણ તેનું મહત્ત્વ દર્શાવ્યું છે.

આપણે ત્યાં આસનો ખૂબ પ્રચલિત છે,અને આપણે આસનથી અને તેના લાભથી પરિચિત પણ છીએ. આજે આસનો એટલા માટે પ્રચલિત થયા છે કે, તેના અભ્યાસ દ્વારા લાંબો સમય નોરોગી જીવન જીવી શકાય છે, અને તેના નિત્ય અભ્યાસથી ઉંમર દેખાતી નથી.

બાહ્ય યોગનું ચોથું અંગ એટલે પ્રાણાયામ, પ્રાણાયામ એટલે પ્રાણોની કસરત. આમ તો પ્રાણાયામ એટલે શ્વાસનો વિનીમય એવો અર્થ કરતા હોય છે, પરંતુ પ્રાણ ઉર્જાની જેને સમજ પડતી હોય તેની પાસે જ પ્રાણાયામ શીખવા. કપાલ ભારતી, ભસ્ત્રીકા, ભ્રામરી, અનુલોમ વિલોમ જેવા પ્રાણાયમ વધુ લોકપ્રિય છે. પ્રાણાયમનો સરળ નિયમ છે, શ્વાસને અંદર ખેંચવો શ્વાસને ફેફસામાં રોકી રાખવો, ધીરેધીરે શ્વાસને બહાર કાઢવો. શરીરમાં સ્ફૂર્તિ, ચિત્તને એકાગ્ર અને મનને પ્રસન્ન રાખવા માટે પ્રાણાયામ અનિવાર્ય છે. કપાલભાતિ નામનો પ્રાણાયામ રોગ નિવારણ માટે ખૂબ જ પ્રચલિત છે, અને મેદસ્વીતા જેવી અત્યારની ગંભીર બીમારીમાં ફાયદો આપે છે. જ્યારે અનુલોમ વિલોમથી સૂર્ય અને ચંદ્ર બંને નાડી પ્રભાવિત થતી હોવાથી, ડાબુ અને જમણું બંને મગજ એક સાથે સક્રિય થતાં, આખા શરીરમાં પ્રાણ શક્તિનું વહન સહજ થાય છે, અને એને કારણે ચેતનાનો અનુભવ કરાવે છે. આપણે ત્યાં 72,000 નાડીના શુદ્ધિકરણની વાત પ્રાણાયામથી શક્ય બને છે.

પ્રત્યાહારનો અર્થ સામાન્ય રીતે પ્રતિક્રમણ જેવો થાય, એટલે યોગસાધનામાં જે સ્થિતિ લીધી હોય, તેમાંથી મૂળ સ્થિતિમાં આવી જવું. એવો એક સામાન્ય અર્થ લોકો કરતાં હોય છે. પરંતુ કર્તાનાં ભાવમાંથી અકર્તાનાં ભાવમાં આવવું, તેને પ્રત્યાહાર કહેવામાં આવે છે. આ એક જ વાતનું જો ધ્યાન રાખવામાં આવે કે, ઈશ્વર જ બધું કરે છે, હું તો નિમિત્ત માત્ર છું, તો મોટાભાગનાં અહમનાં પ્રશ્નો દૂર થતા, વગર ધ્યાન સમાધિએ ઈશ્વરનો થોડો ઘણો અનુભવ કરી શકાય.

આંતરિક યોગનાં ત્રણ અવયવ, ધારણા, ધ્યાન, અને સમાધિ, જે બાહ્ય રીતે જોઈ કે અનુભવી શકાતું નથી. પરંતુ યોગ સાચો હોય તો આ ત્રણ સ્થિતિ અતિ મહત્વની છે, અને એને કારણે જ ઈશ્વરને આપણે જોઈ જાણી અને માણી શકીએ છીએ.

ધારણા એટલે કે ઈશ્વર નામક પરમ શક્તિની છબી, મૂર્તિ, કે દીવાને આંતરિક રીતે ધ્યાન બિંદુ પર પ્રસ્થાપિત કરવું એવો થાય, એટલે કે ઈશ્વર નામની શક્તિની કોઈ એક ધારણા કરવાની, અને એના દ્વારા ઈશ્વર સુધી પહોંચવાનું છે.ધ્યાન આમ જુઓ તો ધ્યાનમાં કંઈ જ કરવાનું હોતું નથી, પણ આ સમયે બીજું કંઈ જ નહીં! વિચાર પણ નહીં, એનું ધ્યાન રાખવાનું .ફક્ત જે આસન નક્કી કર્યું હોય તેમાં બેસીને ધારણા તરીકે જેને સ્વીકાર્યું હોય એ જ ઈશ્વર છે, એવી સતત પ્રતિતી કરી, અને તેને જોતા રહેવાનું છે. ધીરે ધીરે જેની ધારણા કરી હશે તે જતું રહેશે, અને તેની જગ્યાએ અવનવી પ્રાકૃતિક સંજ્ઞાઓ શરૂઆતના તબક્કામાં દેખાશે, પછી નિરાકાર બ્રહ્મની પરિકલ્પના થતાં વિસ્તૃત રીતે એક બ્રહ્માંડનો પરમ પારદર્શક પ્રકાશ રુપ ચૈતન્ય પ્રવાહની અદ્ભુત અને અવનવી અનુભૂતિઓ ધ્યાનનાં પ્રયોગ દરમિયાન કરાવશે. પરંતુ એની માટે 'હું પણું' બિલકુલ ઝીરો થઈ જવું જોઈએ. ધ્યાન તો કલાક બે કલાક રાખી શકો, પરંતુ 24 કલાક જે ધ્યાન રાખવા જેવી બાબતો છે, તેનું સંચાલન પ્રયત્ન વગર મગજ કરી શકે, અને એ મુજબનું જીવાય તો એ ધ્યાનનો ફાયદો છે. આ ઉપરાંત નિત્ય ધ્યાનની ધરા એટલે કે ધ્યાન કરવાના અભ્યાસથી જે ઈશ્વર સ્વરૂપ પસંદ કર્યું હોય એ આંખ બંધ કરતાં જ ધ્યાનની ધરા પર દેખાય તો એને નિત્ય ધ્યાન કહેવાય. સમાધિ બે પ્રકારની હોય છે એટલે કે એક અસંપ્રજ્ઞાત જે ચેતન વિહીન બેઠા હોઈએ એ રીતે કે જે આપણા શાસ્ત્રોમાં ઋષિમુનિઓ હજારો વર્ષ સુધી તપ કરતાને સમાધિમાં બેસતાં. શંકર સાથે પણ એ વાત જોડાયેલી છે, અને જીવતાં પણ લોકો સમાધી લેતા હોય છે. જ્યારે બીજી સમાધિ એટલે કે સંપ્રજ્ઞાત, જાગૃત રહીને પણ જે ચેતનાનો અનુભવ કરી શકે, એને પણ આપણે ત્યાં સમાધિ કહેવામાં આવે છે, ગીતામાં આ સમાધીનો ઉલ્લેખ કરી, ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે ઉઠતાં બેસતા સુતાં સતત મારું સ્મરણ કરે એ પણ એક સમાધી અવસ્થા છે.

કુંડલિની જાગરણ કે શક્તિપાત કરી શકનાર સદગુરુ પાસે અષ્ટાંગ યોગનો નિરંતર પાંચ કે છ વર્ષ અભ્યાસ કરવામાં આવે તો યોગ વિદ્યા પ્રાપ્ત થાય, તેને સાચાં અર્થમાં યોગી કહેવાય છે. આપણે સંસારથી છેડો ફાડી શકીએ નહીં, અને ભોગી જીવ પરમાત્મા સાથે પણ ક્યાંથી એમ જોડાઈ શકે! પરંતુ આજે વિશ્વ આખાને જ્યારે શાંતિની જરૂર છે, ત્યારે આપણે એકમેક સાથે જોડાઈને વસુધૈવ કુટુંબ બની વ્યાપક બ્રહ્મની વ્યાખ્યાને સાર્થક કરી શકીએ! એમાં કોઈ યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, અને સમાધિ એવાં કોઈ માધ્યમની પણ જરૂર નથી. બાપુ કહે છે એમ માત્ર ને માત્ર સૌને જેવાં છે એવાં જ સ્વીકારી લઈએ, તો પરમ તત્વ એટલે વ્યાપક બ્રહ્મ સાથે જોડાઈ શકીએ અને જોડાવું એટલે યોગ ! એમ યોગ સિદ્ધ થઈ શકે! પરમ કૃપાળુ પરમાત્મા સૌને શાંતિ એજ આત્માનો આહાર છે, માટે એની અહેમિયત છે, એવી એક સહજ સમજ આપે. જય સીયારામ.



# AI ટેકનોલોજીની આવક 280 અબજ ડોલરને વટાવશે

**એઆઈ ત્યારે જ શક્તિશાળી સાબિત થઈ શકે છે જ્યારે તે વધુને વધુ ડેટા મેળવી શકે છે. જેટલા વધુ ડેટા તેની પાસે હશે તેટલું જ સારુ પરિણામ એઆઈ પૂરું પાડી શકે છે. કોઈપણ પ્રકારના મોડેલ્સ, ટુલ્સ કે પછી એલ્ગોરિધમની કામગીરી જંગી ડેટા પર જ અવલંબે છે**

**એઆઈના વિકાસનો મુખ્ય આધાર ઊંચી ગુણવત્તા, વૈવિધ્યસભર તથા સુસંગત ડેટા પર રહેલો છે, પરંતુ ભારતમાં ભાષાકીય, સાંસ્કૃતિક અને ભૌગોલિક વૈવિધ્યતાને પરિણામે ડેટા એકઠા કરવાનું તથા તેને પ્રોસેસ કરવાની કામગીરી પડકારરૂપ રહેલી છે**

**એઆઈ ટેકનોલોજી ક્ષેત્રે ભારતને એક ઊભરતી બજાર તરીકે જોવાઈ રહ્યું છે પરંતુ એઆઈ માટે જરૂરી માળખાની દ્રષ્ટિએ અમેરિકા તથા ચીનની તુલનાએ ભારત હજુ પાછળ હોવાનું કહેવાય છે**

વર્તમાન વર્ષમાં દેશમાં આર્ટિફિસિઅલ ઈન્ટેલિજન્સ (એઆઈ) ટેકનોલોજી ક્ષેત્રની આવક ૨૮૦ અબજ ડોલરને પાર કરી જવાની ધારણાં રાખવામાં આવી રહી છે. આટલા જંગી વેપાર કદ સાથે વિશ્વમાં ભારત એઆઈ મથક બનવા તરફ આગળ વધી રહ્યું છે. દેશમાં ટેકનોલોજી તથા એઆઈ ક્ષેત્ર સાથે ૬૦ લાખ જેટલા લોકો સંકળાયેલા છે એટલુ જ નહીં ભારત ૧૮૦૦ જેટલા ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ (જીસીસી) ધરાવે છે. જો કે એઆઈના સ્થિર વિકાસ માટે ચીપ્સ, ડીસ્ક જેવા સ્ટોરેજ માળખા, વીજ તથા પાણીની ઉપલબ્ધતા, ટેકનોલોજીના જાણકાર કર્મચારીબળ વગેરે પ્રાથમિક આવશ્યકતા રહેલી છે. ડેટાના સ્ટોરેજ માટે પરવડી શકે તેવી અને ટકાઉ હાર્ડ ડિસ્ક ડ્રાઈવની ઉપલબ્ધતા જરૂરી છે જે એઆઈના રાષ્ટ્રીય સ્તર સુધી ઉપયોગનો માર્ગ મોકળો કરી શકે છે, એમ એઆઈ ક્ષેત્રના આગેવાને મત વ્યકત કરતા જણાવ્યું હતું. માત્ર ગ્રાફિક પ્રોસેસિંગ યુનિટસ જ નહીં પરંતુ વ્યાપક સ્ટોરેજ ક્ષમતા પણ એઆઈ ટેકનોલોજીના વપરાશ માટે પ્રથમ આવશ્યકતાઓમાંની એક છે.

એઆઈ ત્યારે જ શક્તિશાળી સાબિત થઈ શકે છે જ્યારે તે વધુને વધુ ડેટા મેળવી શકે છે. જેટલા વધુ ડેટા તેની પાસે હશે તેટલું જ સારુ પરિણામ એઆઈ પૂરું પાડી શકે છે. કોઈપણ પ્રકારના મોડેલ્સ, ટુલ્સ કે પછી એલ્ગોરિધમની કામગીરી જંગી ડેટા પર જ અવલંબે છે. ઉપલબ્ધ ડેટાના સલામત વપરાશ માટે સ્ટોરેજ ક્ષમતા એટલે કે હાર્ડ ડિસ્ક ડ્રાઈવની ભૂમિકા મહત્વની બની રહે છે. એક અંદાજ પ્રમાણે ૨૦૨૯માં ડેટા જનરેશનનું વાર્ષિક વોલ્યુમ બમણાથી વધુ થઈને ૫૨૭.૫૦ ઝેટ્ટાબાયટ્સ પહોંચવા ધારણાં છે જે માટે મજબૂત અને વિશ્વસ્નિય સ્ટોરેજ વ્યવસ્થા જરૂરી બની રહેશે. ભારતના ઈલેકટ્રોનિક્સ તથા ઈનફરમેશન ટેકનોલોજી મંત્રાલયના અંદાજ પ્રમાણે દેશમાં એઆઈનો જે રીતે વિકાસ થઈ રહ્યો છે તેને જોતા ૧૦૦૦૦૦ જીપીયુની આવશ્યકતા ઊભી થશે પરંતુ કોમ્પ્યુટિંગ શક્તિ ત્યારે જ મજબૂત બની રહેશે જ્યારે તેમાં સ્ટોરેજ ક્ષમતા પણ જોરદાર હશે. વિશાળ એઆઈ તાલીમ ડેટા સેટસ, કૃત્રિમ ડેટા તથા અનુમાનિત પરિણામ મેળવવા આવશ્યક સ્તરની ક્ષમતા તથા કામગીરી પ્રદાન કરવા એચડીડી કાર્યક્ષમ હોય છે, માટે જ એઆઈના વર્તમાન યુગમાં તે અનિવાર્ય બની રહી છે. વિશ્વભરમાં ડેટા સેન્ટર્સનો જે ઝડપથી વધારો થઈ રહ્યો છે તેટલી જ તેની લાંબા સમય સુધી ટકી રહેવાની ક્ષમતા સામે પણ આશંકાઓ સેવાઈ રહી છે. કારણ કે જંગી ડેટા સેન્ટરો માટે વ્યાપક માત્રામાં વીજળી અને પાણીની આવશ્યકતા રહે છે. આ સેન્ટરોને કુલિંગ માટે વર્ષેદહાડે અબજો લિટર પાણીની જરૂરત રહે છે. ડેટા સેન્ટરની વીજ માગ આગામી પાંચ વર્ષમાં વીજની એકંદર વૈશ્વિક માગના ૩-૪ ટકા પહોંચી જશે જે ૨૦૨૩માં ૧-૨ ટકા હતી.

જાણકારોની વાત માનીએ તો એઆઈ ટેકનોલોજી જ્યાં વીજની જંગી માગ રહે છે ત્યાં કાર્યક્ષમ એચડીડી વીજના વપરાશમાં બચત કરાવે છે જેથી કંપનીઓ જ્યાં ઊંચો



વીજ વપરાશ એક ચિંતાની બાબત હોય છે ત્યાં તેમના કામકાજ પાછળના ખર્ચમાં બચત થવા પામે છે. એઆઈ માળખામાં જ્યાં ડેટામાં વધારો થતો જાય છે ત્યાં એચડીડી તેને સંગ્રહ કરવાની અને જાળવવાની પોતાની કામગીરી પાર પાડે છે. એઆઈ ટેકનોલોજી ક્ષેત્રે ભારતને એક ઊભરતી બજાર તરીકે જોવાઈ રહ્યું છે પરંતુ એઆઈ માટે જરૂરી માળખાની દ્રષ્ટિએ અમેરિકા તથા ચીનની તુલનાએ ભારત હજુ પાછળ હોવાનું કહેવાય છે. વ્યાપક આઈટી ટેલેન્ટ, ૩૦૦૦ એઆઈ સ્ટાર્ટઅપ્સની હાજરી તથા મજબૂત આઈટી કંપનીઓ એઆઈ ક્ષેત્રે ભારતનું એક પોઝિટિવ પાસુ છે અને આ ક્ષેત્રને વધુ મજબૂત બનાવવા સરકાર તરફથી પહેલ પણ કરવામાં આવી રહી છે, ત્યારે એઆઈ માટે ડેટાના પ્રોટેકશનની ખાતરી સાથેના આવશ્યક માળખા ઊભા કરવાની બાબતને ભારતમાં પ્રાધાન્યતા મળી રહે તે જરૂરી હોવાનો ઉદ્યોગમાં મત પ્રવર્તી રહ્યો છે. મર્યાદિત કોમ્પ્યુટિંગ પાવર, ડેટા સ્ટોરેજ તથા હાઈસ્પીડ ઈન્ટરનેટ કનેકટિવિટીનો અભાવ ભારતમાં એઆઈ ટેકનોલોજીના વિકાસ સામે પડકારરૂપ બની રહ્યા છે. આ હકીકતને ધ્યાનમાં રાખી મોટી ક્ષમતા સાથેના કોમ્પ્યુટિંગ માળખા, ડેટા સેન્ટર્સ , એચડીડીની ઉપલબ્ધતા તથા ઈન્ટરનેટ જોડાણમાં ઝડપથી સુધારા કરવા પર હિસ્સેદારો દ્વારા ભાર અપાઈ રહ્યો છે. એઆઈના વિકાસનો મુખ્ય આધાર ઊંચી ગુણવત્તા, વૈવિધ્યસભર તથા સુસંગત ડેટા પર રહેલો છે, પરંતુ ભારતમાં ભાષાકીય, સાંસ્કૃતિક અને ભૌગોલિક વૈવિધ્યતાને પરિણામે ડેટા એકઠા કરવાનું તથા તેને પ્રોસેસ કરવાની કામગીરી પડકારરૂપ રહેલી છે. માળખાના અભાવે એઆઈ ટૂલ્સ તથા સોલ્યુશન્સના વિકાસકો સામે નવીનતા પૂરી પાડવાનું જોખમરૂપ બની રહ્યું છે. ડેટાના રક્ષણ તથા જવાબદારી જેવી એઆઈ સંબંધિત ચિંતાઓને દૂર કરવા મજબૂત માળખાની આવશ્યકતા હોવાનો મત પ્રવર્તી રહ્યો છે, જેથી એઆઈ ટેકનોલોજીના ઝડપી વિકાસ તથા વપરાશનો માર્ગ મોકળો બની શકે. વિશ્વની અનેક કંપનીઓ ભારતમાં એઆઈ ક્ષેત્રમાં પોતાની હાજરી વધારવા માગે છે ત્યારે આવનારા મહિનાઓમાં ભારત એઆઈ માળખામાં સજ્જ રહે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે. સ્પર્ધાત્મક બનવા માટે ભારતે એઆઈ સંચાલિત આઈટી અને જીપીયુ આધારિત માળખા તથા ઊભા કરવાના રહેશે.

ભારતની એઆઈ મહત્વાકાંક્ષા સિદ્ધ કરવા એચડીડી મહત્વની ભૂમિકા ભજવે છે અને તે પણ માત્ર ડેટા સ્ટોરેજ યંત્ર તરીકે જ નહીં પરંતુ દેશના વધી રહેલા એઆઈ ક્ષેત્રને ટકાવી રાખવાના પાયા તરીકે પણ કામગીરી પૂરી પાડે છે. એઆઈ માટેના અન્ય માળખાઓની જેમ એચડીડી પણ એઆઈનું પાયાનો હિસ્સો છે તેવો પણ નિષ્ણાતો મત ધરાવી રહ્યા છે.

# ૧૨મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ-૨૦૨૬ : સ્વસ્થ વૃદ્ધત્વ માટે યોગ"



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

વૃદ્ધાવસ્થાએ રોગ નથી,પણ શરીરની એક કુદરતી અવસ્થા છે.યોગ આ અવસ્થાને નબળાઈમાંથી નિપુણતામાં ફેરવવાનું વિજ્ઞાન છે.

૨૧મી જૂન ૨૦૨૬ના રોજ વિશ્વ ૧૨મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવશે. આ વર્ષે 'સ્વસ્થ વૃદ્ધત્વ માટે યોગ' થીમ સાથે યોગ માત્ર કસરત નહીં, પણ ઉંમરના દરેક તબક્કાને સક્રિય અને ગૌરવપૂર્ણ બનાવવાનો સંકલ્પ બનશે.

૨૧મી જૂન એટલે ઉત્તર ગોળાર્ધ નો સૌથી લાંબો દિવસ. પ્રકાશના આ દિવસે જ્યારે સૂર્ય પોતાની પૂર્ણ ઊર્જા સાથે આકાશમાં સ્થિર હોય છે,ત્યારે સમગ્ર વિશ્વ શરીર અને મનની ઊર્જાને સ્થિર કરવા માટે યોગમય બને છે. વર્ષ ૨૦૧૪માં સંયુક્ત રાષ્ટ્ર મહા સભામાં ભારતના પ્રસ્તાવને ૧૭૭ દેશોનું સમર્થન મળ્યું અને ૨૧મી જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે જાહેર કરવામાં આવ્યો. ત્યારથી દર વર્ષે આ દિવસે યોગની પ્રાચીન ભારતીય પરંપરાને વૈશ્વિક મંચ મળે છે. ૨૦૨૬માં આ યાત્રા ૧૨મા વર્ષમાં પ્રવેશી રહી છે.

*આ વર્ષની થીમ: સ્વસ્થ વૃદ્ધત્વ માટે યોગ દુનિયાભરમાં સરેરાશ આયુષ્ય વધી રહ્યું છે. ભારતમાં પણ ૨૦૩૬ સુધીમાં સાઈઠ વર્ષથી વધુની વસ્તી બાવીસ કરોડને પાર થવાનો અંદાજ છે. આ સ્થિતિમાં પડકાર માત્ર લાંબુ જીવવાનો નથી,પણ સ્વસ્થ, આત્મનિર્ભર અને આનંદપૂર્વક જીવવાનો છે. એટલે જ સંયુક્ત રાષ્ટ્રએ ૨૦૨૬ માટે 'સ્વસ્થ વૃદ્ધત્વ માટે યોગ' થીમ પસંદ કરી છે.વૃદ્ધાવસ્થા એ રોગ નથી, પણ શરીરની એક કુદરતી અવસ્થા છે.યોગ આ અવસ્થાને નબળાઈમાંથી નિપુણતામાં ફેરવવાનું વિજ્ઞાન છે.

યોગ વૃદ્ધત્વની ત્રણ મોટી સમસ્યાઓ પર સીધું કામ કરે છે. પહેલું:શારીરિકક્ષમતા.તાડાસન વૃક્ષાસન, ભુજંગાસન જેવા સરળ આસનો સંતુલન સુધારે છે, જેનાથી વૃદ્ધોમાં પડી જવાનું જોખમ ૪૦% સુધી ઘટે છે. સૂક્ષ્મ વ્યાયામ સાંધાના દુખાવામાં રાહત આપે છે અને હાડકાંની ઘનતા જાળવવામાં મદદ કરે છે. AIIMS અને NIMHANSના અભ્યાસ મુજબ,સાઈઠ વર્ષથી વધુની ઉંમરના લોકોમાં ત્રણ મહિના નિયમિત યોગ કરવાથી સંતુલન ૩૫% સુધી સુધરે છે. ડબલ્યુએચઓનો અંદાજ છે કે પડી જવાથી થતી ઈજાનો ખર્ચ દેશને કરોડોમાં પડે છે. યોગ આ આર્થિક બોજ પણ ઘટાડે છે.

*બીજું:માનસિક સ્વાસ્થ્ય. ઉંમર વધવાની સાથે એકલતા,ચિંતા અને ડિપ્રેશન સામાન્ય બની જાય છે. અનુલોમ-વિલોમ, ભ્રામરી પ્રાણાયામ અને યોગ નિદ્રા મગજમાં કોર્ટિસોલનું સ્તર ઘટાડે છે અને સેરોટોનિન વધારે છે. હાર્ડવર્ડ મેડિકલ સ્કુલનો રિપોર્ટ જણાવે છે કે નિયમિત ધ્યાન અને પ્રાણાયામ અલ્ઝાઈમરની પ્રગતિ ધીમી કરે છે. યાદશક્તિ અને એકાગ્રતા માટે ત્રાટક અને ધ્યાન અક્સીર છે.

*ત્રીજું: રોગપ્રતિકારક શક્તિ. નિયમિત યોગથી બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, આર્થરાઈટિસ જેવા જીવનશૈલીના રોગોને નિયંત્રણમાં રાખી શકાય છે. વૃદ્ધો માટે યોગ એટલે દવાઓ પરની નિર્ભરતા ઘટાડીને શરીરની કુદરતી ચિકિત્સા પદ્ધતિને જાગૃત કરવી.

*દરેક વડીલ માટે યોગ: ચેર યોગથી શરૂઆત બધા વડીલો જમીન પર બેસીને આસન કરી શકતા નથી. એમના માટે 'ચેર યોગ' વરદાનરૂપ છે. ખુરશી પર બેસીને ગરદન, ખભા અને કમરના સૂક્ષ્મ વ્યાયામ, હાથ-પગના હલનચલન અને દીવાલના ટેકે તાડાસન ખૂબ સરળતાથી થઈ શકે છે. આનાથી લોહીનું પરિભ્રમણ સુધરે છે અને સાંધા જકડાતા નથી. ઘરના એક ખૂણામાં એક ખુરશી એટલે વડીલો માટે આખું યોગ સ્ટુડિયો.

ગુજરાતનું મુખ્ય આયોજન: માણસા બનશે યોગધામ .

ગુજરાત સરકારે દર વર્ષે યોગ દિવસની ઉજવણીને જન- આંદોલન બનાવ્યું છે. ૨૦૨૩માં સુરતમાં સવા લાખ લોકોએ સાથે યોગ કરીને વિશ્વ વિક્રમ સર્જ્યો હતો.૨૦૨૬માં રાજ્યકક્ષાના મુખ્ય કાર્યક્રમ માટે ગાંધીનગર જિલ્લાના માણસાની પસંદગી કરવામાં આવી છે. માણસા એટલે મહાત્મા ગાંધીના આધ્યાત્મિક ગુરુ શ્રીમદ્ રાજચંદ્રજીની જન્મભૂમિ. આધ્યાત્મિકતા અને આરોગ્યનો આ સંગમ યોગ દિવસની થીમને વધુ અર્થપૂર્ણ બનાવે છે.

માણસા ખાતે યોજાનારા ભવ્ય કાર્યક્રમમાં મુખ્યમંત્રી સહિત રાજ્યના મંત્રીમંડળ, પદાધિકારીઓ, યોગ ગુરુઓ અને પચાસ હજારથી વધુ નાગરિકો એક સાથે યોગ કરશે. આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ સમગ્ર રાજ્યના જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય કક્ષાના કેન્દ્રો પર કરવામાં આવશે. શાળા, કોલેજો,પોલીસદળ,એનસીસી, એનએસએસ, આંગણવાડી કાર્યકરો અને વરિષ્ઠ નાગરિક મંડળોને ખાસ જોડવામાં આવશે.'ઘરે ઘરે યોગ' અભિયાન હેઠળ લોકોને પરિવાર ના વડીલો સાથે યોગ કરવાની હિમાયત કરવામાં આવશે.

*કુટુંબની ભૂમિકા: એક પરિવાર, એક યોગ સમય 'સ્વસ્થ વૃદ્ધત્વ' માત્ર વડીલની એકલાની જવાબ દારી નથી. યુવાન પેઢીએ રોજ સવારે કે સાંજે ૧૫ મિનિટ દાદા-દાદી સાથે યોગ કરવાનો નિયમ બનાવવો જોઈએ. આનાથી બે પેઢી વચ્ચે સંવાદનો સેતુ બંધાશે અને વડીલોની એકલતા દૂર થશે. ગુજરાત સરકારની 'યોગ સેતુ' મોબાઈલ એપ અને આયુષ મંત્રાલયની યુટુબ ચેનલ પર વડીલો માટે ખાસ ૨૦ મિનિટના યોગ સેશન ઉપલબ્ધ છે. માણસાનો કાર્યક્રમ પૂરો થયા પછી પણ ડિજિટલ માધ્યમથી આ યોગ યાત્રા ચાલુ રાખી શકાય છે.

*૨૧ જૂનનો વિશેષ સંયોગ
૨૧ જૂન ૨૦૨૬ માત્ર યોગ દિવસ પૂરતો સીમિત નથી.આ દિવસે વિશ્વ સંગીત દિવસ પણ ઉજવાય છે. સંગીત અને યોગ બંનેનો ઉદ્દેશ્ય મનને લયબદ્ધ કરવાનો છે. યોગની સાથે નાદ યોગ, મંત્રોચ્ચાર અને શાસ્ત્રીય સંગીતના કાર્યક્રમો પણ યોજાશે. આ ઉપરાંત આ દિવસે અંતર રાષ્ટ્રીય સૂર્ય દિવસ પણ છે. યોગમાં સૂર્યનમસ્કારનું આગવું મહત્વ છે. આમ, પ્રકૃતિ, સંગીત અને સ્વાસ્થ્યનો ત્રિવેણી સંગમ આ દિવસને વિશેષ બનાવશે.ઈતિહાસ અને મહત્વ

ભારતીય ઋષિમુનિઓએહજારો વર્ષ પહેલાં આપેલી યોગની ભેટ આજે સમગ્ર માનવજાત માટે તણાવમુક્તિનું સાધન બની છે. ૨૧મી જૂનની પસંદગી પણ સૂચક છે.આ દિવસે સૂર્ય દક્ષિણાયન શરૂ કરે છે. યોગ પરંપરામાં દક્ષિણાયન આધ્યાત્મિક સાધના માટે શ્રેષ્ઠ સમય માનવામાં આવે છે. આ દિવસ શરીર,મન અને આત્માના જોડાણનો પ્રતીક છે.

યોગ દિવસ એ માત્ર એક દિવસ નો કાર્યક્રમ નથી.તે વર્ષભર યોગ ને જીવનશૈલીમાં અપનાવવાનો સંકલ્પ દિવસ છે. ૨૦૨૬ની થીમ આપણને સૌને આપણા ઘરના વડીલો પ્રત્યેની જવાબદારી યાદ કરાવે છે. આપણે આપણા દાદા-દાદી, નાના-નાનીને રોજ ૨૦ મિનિટ યોગ કરાવી શકીએ. સોસાયટીમાં વરિષ્ઠ નાગરિકો માટે યોગ ક્લાસ શરૂ કરી શકીએ.

૧૨મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ આપણને સંદેશ આપે છે કે વૃદ્ધત્વ એ અંત નથી,પણ અનુભવની પરિપક્વતા છે. અને યોગ એ પરિપક્વતાને સ્વસ્થ, સક્ષમ અને સાર્થક બનાવવાનો રસ્તો છે.

યોગ દિવસની સફળતા મેદાનમાં ભેગા થયેલા લોકોની સંખ્યાથી નહીં, પણ બીજા દિવસે કેટલા ઘરમાં વડીલોએ સૂર્યનમસ્કાર કર્યા તેનાથી નક્કી થશે.૨૦૨૬નું વર્ષ યાદ રહેશે કારણ કે આ વર્ષે આપણે વૃદ્ધત્વને 'સમસ્યા' નહીં, 'ઉત્સવ' તરીકે જોતા થયા. માણસાની પવિત્ર ધરા પરથી શરૂ થયેલો આ સંદેશ જ્યારે ગુજરાતના છેવાડાના ઘર સુધી પહોંચશે ત્યારે જ 'સ્વસ્થ વૃદ્ધત્વ માટે યોગ' થીમ સાચા અર્થમાં સાર્થક થશે.ચાલો.

# બાવળાના કવલા ગામે મહિલા જાગૃતિ કાર્યક્રમમાં સરકારી યોજનાઓ વિશે વિસ્તૃત માર્ગદર્શન અપાયું

**અમદાવાદ, તા. 20**

જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી હેઠળ કાર્યરત 'સંકલ્પ: હબ ફોર એમ્પાવરમેન્ટ ઑફ વિમન' (DHEW) યોજનાની ટીમ દ્વારા બાવળા તાલુકાના કવલા ગામે એક વિશેષ જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. સ્થાનિક મહિલાઓને કેન્દ્રમાં રાખીને યોજાયેલા આ કાર્યક્રમનો મુખ્ય હેતુ મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા અમલમાં મુકવામાં આવતી વિવિધ કલ્યાણકારી તેમજ સુરક્ષા સંબંધિત યોજનાઓથી ગ્રામીણ મહિલાઓને વાકેફ કરવાનો હતો. આ કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત મહિલાઓને વિભાગની વિવિધ યોજનાઓ, મહિલાઓના બંધારણીય અધિકારો, સુરક્ષા અને આત્મનિર્ભરતા અંગે વિસ્તૃત માહિતી પૂરી પાડવામાં આવી હતી. આ સાથે જ કેન્દ્ર અને રાજ્ય





સરકાર દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવતી સહાય તથા સેવાઓની પણ ઝીણવટભરી સમજ આપવામાં આવી હતી, જેથી મહિલાઓ સામાજિક અને કાનૂની રીતે વધુ સશક્ત બની શકે. વિશેષ કરીને 'મિશન શક્તિ' અંતર્ગત કાર્યરત વિવિધ કલ્યાણકારી યોજનાઓ અને તેનાથી થતા પ્રત્યક્ષ લાભો વિશે મહિલાઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા મિશન કોઓર્ડિનેટર શ્રી જીતેશ સોલંકીએ હાજર રહીને મહિલા સશકતીકરણનું મહત્વ સમજાવ્યું હતું અને સરકારી યોજનાઓનો મહત્તમ લાભ મેળવવા માટે ગ્રામીણ મહિલાઓને પ્રોત્સાહિત કરી હતી. આ ઉપરાંત, સ્પેશિયલિસ્ટ ઈન ફાઈનાન્શિયલ લિટ્રેસી સુશ્રી હેમલ બારોટ દ્વારા રાજ્ય પુરસ્કૃત 'મહલા સ્વાવલંબન યોજના' અંગે જરૂરી માહિતી અને નાણાકીય સાક્ષરતા અંગેનું મહત્વનું માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું, જેથી મહિલાઓ આર્થિક રીતે પગભર બની શકે. આ જાગૃતિ કાર્યક્રમમાં કવલા ગામની સ્થાનિક મહિલાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમના અંતે મહિલાઓએ વિવિધ સરકારી યોજનાઓ અંગે પોતાના પ્રશ્નો અને મૂંઝવણો રજૂ કરી હતી, જેનું સ્થળ પર જ સકારાત્મક નિરાકરણ લાવવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ મહિલાઓને સામાજિક, આર્થિક અને કાનૂની રીતે સક્ષમ બનાવી સમાજમાં સમાન દરજ્જો અપાવવાના ઉમદા ઉદ્દેશ્ય સાથે સંપન્ન થયો હતો.

સંપન્ન થયો હતો. આ ઉપરાંત, સ્પેશિયલિસ્ટ ઈન ફાઈનાન્શિયલ લિટ્રેસી સુશ્રી હેમલ બારોટ દ્વારા રાજ્ય પુરસ્કૃત 'મહલા સ્વાવલંબન યોજના' અંગે જરૂરી માહિતી અને નાણાકીય સાક્ષરતા અંગેનું મહત્વનું માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું, જેથી મહિલાઓ આર્થિક રીતે પગભર બની શકે. આ જાગૃતિ કાર્યક્રમમાં કવલા ગામની સ્થાનિક મહિલાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમના અંતે મહિલાઓએ વિવિધ સરકારી યોજનાઓ અંગે પોતાના પ્રશ્નો અને મૂંઝવણો રજૂ કરી હતી, જેનું સ્થળ પર જ સકારાત્મક નિરાકરણ લાવવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ મહિલાઓને સામાજિક, આર્થિક અને કાનૂની રીતે સક્ષમ બનાવી સમાજમાં સમાન દરજ્જો અપાવવાના ઉમદા ઉદ્દેશ્ય સાથે સંપન્ન થયો હતો.

## યોગથી ઓલિમ્પિક સુધી: ૨૦૩૬ના મહાકુંભ માટે ફિટ અને સુદ્રઢ બનતું અમદાવાદ

**અમદાવાદ, તા. 20**

૨૧ જૂન એટલે કે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ, જે સમગ્ર વિશ્વને ભારતની પ્રાચીન અને અમૂલ્ય વિરાસત સાથે જોડે છે. પરંતુ આ વખતે અમદાવાદ માટે આ દિવસ માત્ર યોગ કરવા પૂરતો સીમિત નથી, તે એક મોટા સપના–'ઓલિમ્પિક ૨૦૩૬'–તરફ આગળ વધવાનું એક મહત્વપૂર્ણ પગથિયું પણ છે. યોગ અને ઓલિમ્પિક વચ્ચેનો આ અનોખો 'કનેક્ટ' અમદાવાદને એક હેલ્ધી, ફિટ અને ગ્લોબલ સ્પોર્ટ્સ સિટી બનાવવા તરફ દોરી જઈ રહ્યો છે. ઓલિમ્પિક જેવા વૈશ્વિક મંચ પર સફળતા મેળવવા માટે માત્ર શારીરિક શક્તિ જ નહીં, પરંતુ માનસિક મજબૂતાઈ અને અદભુત એકાગ્રતા પણ એટલી જ જરૂરી છે. યોગ એ રમતવીરો માટે એક અદભુત વરદાન સમાન સાબિત થઈ રહ્યું છે. યોગ અને પ્રાણાયામ ખેલાડીઓના પ્રેશર અને તણાવને દૂર કરીને તેમનું ફોકસ વધારે છે. આ ઉપરાંત વિવિધ આસનો દ્વારા શરીરની લવચીકતા (flexibility) અને સ્નાયુઓની તાકાત વધે છે, જે રમત દરમિયાન થતી ગંભીર ઈજાઓનું જોખમ ખૂબ જ ઘટાડે છે. આ જ કારણે, આજે વિશ્વભરના એથ્લેટ્સ પોતાની કઠોર ટ્રેનિંગમાં યોગને અનિવાર્ય હિસ્સો બનાવી રહ્યા છે. ભારત વર્ષ ૨૦૩૬ના ઓલિમ્પિક ગેમ્સની યજમાની માટે મજબૂત દાવેદારી કરી રહ્યું છે, અને આ વૈશ્વિક પ્રોજેક્ટનું મુખ્ય કેન્દ્રબિંદુ આપણું અમદાવાદ શહેર છે. આ સપનાને સાકાર કરવા માટે શહેરમાં આંતરરાષ્ટ્રીય સ્તરનું માળખું ખૂબ જ ઝડપથી તૈયાર થઈ રહ્યું છે. મોટેરા ખાતે આવેલ 'સરદાર વલ્લભભાઈ પટેલ સ્પોર્ટ્સ એન્ક્લેવ' અને વિશ્વના સૌથી મોટા નરેન્દ્ર મોદી સ્ટેડિયમની આસપાસ તમામ વૈશ્વિક રમતો માટેની અત્યાધુનિક સુવિધાઓ ઊભી કરવામાં આવી રહી છે. સાથોસાથ નારણપુરા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ જેવી સુવિધાઓ સ્થાનિક સ્તરે રમતવીરોને તૈયાર કરી રહી છે. ઓલિમ્પિકની સફળ યજમાની માત્ર વિશાળ સ્ટેડિયમો કે આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવાથી નથી મળતી, પરંતુ તે માટે નાગરિકોની પોતાની ફિટનેસ અને સ્પોર્ટ્સ પ્રત્યેની સંસ્કૃતિ પણ એટલી જ મહત્વની છે.

## રેલવે ઈન્સ્ટિટ્યૂટ અને સમુદાય ભવનો ઉપરાંત 4 વંદે ભારત ટ્રેનોમાં થશે 'યોગ'

**અમદાવાદ રેલ્વે, તા. 20**

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા 21 જૂન 2026ના આંતરરાષ્ટ્રીય યોગ દિવસ-2026 ના અવસર પર મંડળના વિવિધ મહત્વપૂર્ણ સ્થળો તેમજ ચાર વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનોમાં વ્યાપક સ્તરે યોગ સત્રોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ વર્ષે આયોજન ન માત્ર રેલવે પરિસરો, પરંતુ ચાલતી ટ્રેનોમાં પણ મુસાફરોને સ્વાસ્થ્ય, સંતુલિત જીવનશૈલી અને સમગ્ર કલ્યાણ પ્રત્યે જાગૃત કરવાના હેતુથી કરવામાં આવી રહ્યું છે.

મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશના કુશળ માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમો અંતર્ગત મુખ્ય યોગ સત્ર નીચેના મહત્વપૂર્ણ સ્થળોએ આયોજિત કરવામાં આવશે.

સામુદાયિક ભવન, સાબરમતી
ઓલ્ડ રેલવે ઈન્સ્ટિટ્યૂટ, સાબરમતી
રેલવે ઈન્સ્ટિટ્યૂટ, કાંકરિયા
સામુદાયિક ભવન, ગાંધીધામ
સામુદાયિક ભવન, વિરમગામ

ચાલતી 'વંદે ભારત' એક્સપ્રેસ ટ્રેનોમાં અનોખી પહેલ

આંતરરાષ્ટ્રીય યોગ દિવસને વધુ વ્યાપક અને જનસુલભ બનાવવા માટે અમદાવાદ મંડળ દ્વારા ચાર પ્રતિષ્ઠિત વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનોમાં પણ વિશેષ યોગ સત્રોનું આયોજન કરવામાં આવશે. આ ટ્રેનોમાં મુસાફરી કરતા મુસાફરો યોગ પ્રશિક્ષકોના માર્ગદર્શન હેઠળ બેઠક પર બેસીને કરી શકાય એવા સરળ યોગાસનો અને પ્રાણાયામનો અભ્યાસ કરી શકશે. આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે.

ગાડી સંખ્યા 20902 ગાંધીનગર કેપિટલ - મુંબઈ સેન્ટ્રલ વંદે ભારત એક્સપ્રેસ

ગાડી સંખ્યા 12462 સાબરમતી - જોધપુર વંદે ભારત એક્સપ્રેસ

ગાડી સંખ્યા 26964 અસારવા - ઉદયપુર વંદે ભારત એક્સપ્રેસ

ગાડી સંખ્યા 22925 અમદાવાદ - ઓખા વંદે ભારત એક્સપ્રેસ

અમદાવાદ મંડળ દ્વારા અગાઉ પણ અમદાવાદ, મહેસાણા, પાલનપુર અને ગાંધીધામ સહિતના વિવિધ મહત્વપૂર્ણ સ્ટેશનો પર યોગ અભ્યાસ શિબિરોનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં રેલવે કર્મચારીઓ અને મુસાફરોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આંતરરાષ્ટ્રીય યોગ દિવસ-2026ની થીમ "Yoga for Healthy Ageing" ને અનુરૂપ પશ્ચિમ રેલવેનું અમદાવાદ મંડળ સ્વસ્થ જીવનશૈલી અને સામૂહિક કલ્યાણનો સંદેશ જન-જન સુધી પહોંચાડવા માટે પ્રતિબદ્ધ છે.

પશ્ચિમ રેલવે તેના તમામ માનનીય રેલ મુસાફરો અને રેલ કર્મચારીઓને અપીલ કરે છે કે તેઓ આ યોગ સત્રોમાં સહભાગી બની સ્વસ્થ જીવન તરફ આગળ વધે અને આ વૈશ્વિક અભિયાનનો હિસ્સો બને.

## જિલ્લા કલેક્ટર ભવ્ય વર્માના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન સમિતિની બેઠક યોજાઈ

**અમદાવાદ, તા. 20**

અમદાવાદ કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ ભવ્ય વર્માના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પુછાયેલા પ્રશ્નોને પ્રાધાન્ય આપી, નાગરિકોના હિતમાં તેનો સત્વરે હકારાત્મક ઉકેલ લાવવા સંબંધિત અધિકારીઓને અનુરોધ કરાયો હતો. આ બેઠકમાં ગ્રામ્ય વિસ્તારમાં વરસાદી પાણીનો નિકાલ, પ્રધાનમંત્રી આવાસ યોજનાનાં કામો, પીવાના તેમજ સિંચાઈના પાણીના પ્રશ્નો, સરકારી પ્લોટની ફાળવણી, ૭/૧૨ના અને નોંધણીના પ્રશ્નો, નદીમાંથી કાંપ કાઢી તેને ઊંડી કરવી, જમીન માપણી અને રસ્તાના પ્રશ્નો, જમીન સંપાદન અંગે વળતરના પ્રશ્નો, ગામતળની જમીનો, ધાર્મિકસ્થાનોનો વિકાસ અને તેના પર સોલાર પેનલ લગાવવી, નવી પોસ્ટ ઑફિસ, મુનસર તળાવની સફાઈ સહિત પ્રાથમિક અને માળખાકીય સુવિધાઓના પ્રશ્નોની ચર્ચા કરી હકારત્મક નિવારણ કરાયું હતું. જ્યારે શહેરી વિસ્તારના વિવિધ પ્રશ્નોમાં અશાંતધારો, જમીન માપણીના પ્રશ્નો, જીઆઈડીસી વિસ્તારમાં ઈન્ડસ્ટ્રિયલ સેફ્ટી, વીજળી, ટ્રાફિક, દબાણ, નવા પોલીસ સ્ટેશન માટે જમીન ફાળવણી, ખુલ્લા સરકારી પ્લોટની ફરતે દીવાલ બનાવવી, કાયદો અને વ્યવસ્થા સહિતના પ્રશ્નોની ચર્ચા કરી ઉકેલ લાવવા સંબંધિત અધિકારીઓને સૂચના અપાઈ હતી. જિલ્લા કલેક્ટરે સંબંધિત અધિકારીઓને જણાવ્યું કે સંકલનમાં પુછાયેલા પ્રશ્નોનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરી, ત્વરિત નિયમાનુસાર કાર્યવાહી થાય તે જરૂરી છે.

### ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે થયેલ હુકમ

## અમદાવાદમાં યોજાનાર NEET-2026 પરીક્ષા સંદર્ભે શહેર પોલીસ કમિશનરશ્રીનું જાહેરનામું બહાર પડાયું

**અમદાવાદ, તા. 20**

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે થયેલ હુકમ નંબર/વિ.શા/ એ-સેક્શન/ પરમીટ/NEET/૬૯/૨૦૨૬ તા.૧૮/૦૬/૨૦૨૬

વંચાણે લીધા:- (૧) નિવાસી અધિક કલેકટરશ્રી, અમદાવાદ શહેરની કચેરીના પત્ર ક્રમાંક નં.એક્ઝામ સેલ/NEET/પરીક્ષા/ જાહેરનામું/વશી.૪૮૦/૨૦૨૬ તા.૧૫/૦૬/૨૦૨૬

નેશનલ ટેસ્ટીંગ એજન્સી નવી દિલ્હી દ્વારા તા.૨૧/૦૬/૨૦૨૬ના રોજ NEET-2026 પરીક્ષા (National Eligibility Cum Entrance Test NEET-2026) ની કલાક ૧૪/૦૦ થી કલાક ૧૭/૧૫ તથા દિવ્યાંગજનો માટે કલાક ૧૮/૧૫ દરમ્યાન અમદાવાદ શહેરના જુદા-જુદા ૩૫ પરીક્ષા કેન્દ્રો પર યોજાનાર છે.આ પરીક્ષા દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને પરીક્ષાર્થીઓ/ઉમેદવારો શાંતચિત્તે શુધ્ધ વાતાવરણમાં પરીક્ષા આપે અને પરીક્ષાનું સુચારૂ સંચાલન થઈ શકે તેમજ પરીક્ષા કેન્દ્રોની આસપાસના વિસ્તારમાં સુલેહ શાંતિ જળવાઈ રહે તે માટે અમદાવાદ શહેરના પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળના વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવાનું પ્રવર્તમાન સંજોગોમાં આવશ્યક જણાય છે. આથી હું જી. એસ. મલિક પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ના નોટીફીકેશન નંબર:જીજી/૪૨૨/ સી.આર.સી./ ૧૦૮૨/૧૦૮૦/ એમ તથા તા. ૦૭/ ૦૧/ ૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામાં નંબર: જીજી/૬/ફક/૧૦૮૮/૬૭૫૦ /મ. માં અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર શ્રી, અધિક પોલીસ કમિશ્નર તથા નાયબ પોલીસ કમિશ્નર અને સુપ્રિ.ઓફ પોલીસને એકઝી.મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે તે મુજબ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ હોય તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધિત વિસ્તાર: (૧) પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ ૧૦૦ મીટરની ત્રિજયામાં આવેલ તમામ મકાનો, જગ્યા, સ્થળ, વિસ્તાર.

(૨) ઝેરોક્ષ સેન્ટર/દુકાનો માટે પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ એક કિલોમીટરની ત્રિજ્યાનો વિસ્તાર.

પ્રતિબંધિત કૃત્યો: (૧) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ચાર કે તેથી વધારે વ્યક્તિઓએ ભેગા થવા પર.

(૨) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ઝેરોક્ષ સેન્ટરો ચાલુ રાખવા પર.

(૩) પરીક્ષા સ્થળની આજુબાજુ મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા પર.

(૪) પરીક્ષા સ્થળ પર સક્ષમ અધિકારી સિવાયના તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકોએ મોબાઈલ અને અન્ય ઈલેકટ્રોનીક /વિજાણુ ઉપકરણ લઈ જવા પર.

(૫) પરીક્ષા સ્થળો પર પરીક્ષા સમય દરમ્યાન બિનઅધિકૃત વ્યક્તિઓના પ્રવેશ પર.

(૬) પરીક્ષા સ્થળો પર ગેરરીતી થાય તેવુ કોઈપણ સાધન કે અનઅધિકૃત લેખન સામગ્રી લઈ જવા પર.

(૭) પરીક્ષા કેન્દ્રોની આસપાસના વિસ્તારમાં જાહેર વાહન વ્યવહાર અવરોધાય તે રીતે વાહનો ઉભા રાખવા કે પાર્ક કરવા/કરાવવા ઉપર.

(૮) પરીક્ષા સ્થળે કોઈપણ પ્રકારનું હથિયાર લઈ દાખલ થવા ઉપર.

### અમદાવાદમાં શ્રમ અને રોજગાર રાજ્યમંત્રી કાંતિભાઈ અમૃતિયાની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં પ્રાદેશિક કક્ષાનો કાર્યક્રમ યોજાયો

# વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે 'પ્રધાનમંત્રી વિકસિત ભારત રોજગાર' યોજનાના લાભાર્થીઓને પ્રોત્સાહક સહાયનું વર્ચ્યુઅલ વિતરણ કરાયું

### આ યોજના પ્રથમ વખત નોકરી મેળવનારા યુવાનોના સપનાને શક્તિ આપનારું રાષ્ટ્રીય અભિયાન : વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી

**ગાંધીનગર, તા. 20**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં તથા ગુજરાતના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર રાજ્યમંત્રી કાંતિભાઈ અમૃતિયાની પ્રત્યક્ષ ઉપસ્થિતિમાં અમદાવાદના વટવામાં પ્રધાનમંત્રી વિકસિત ભારત રોજગાર યોજનાના લાભાર્થીઓને પ્રોત્સાહક સહાય વિતરણનો પ્રાદેશિક કક્ષાનો કાર્યક્રમ યોજાયો હતો.

નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી મનસુખભાઈ માંડવિયા અને કેન્દ્રીય શ્રમ રોજગાર રાજ્યમંત્રી શોભા કરન્દલાજેની ઉપસ્થિતિમાં યોજાયેલા મુખ્ય કાર્યક્રમમાંથી વડાપ્રધાનશ્રીએ દેશભરના લાભાર્થીઓને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) માધ્યમથી આશરે ૨,૪૦૦ કરોડની પ્રોત્સાહક સહાયનું વિતરણ કર્યું હતું અને લાભાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો.

આ કુલ રાશિમાંથી ગુજરાત રાજ્ય તથા દમણ, દીવ અને દાદરા અને નગર હવેલીના કર્મચારીઓને પાર્ટ-A હેઠળ ૩૪.૪૫ કરોડ અને એમ્પ્લોયર્સને પાર્ટ-B હેઠળ ૧૫૪.૭૭ કરોડની સહાય એનાયત કરવામાં આવી હતી.






આ અવસરે અમદાવાદ ખાતે મંત્રીશ્રી અને અન્ય મહાનુભાવોના હસ્તે વિવિધ સંસ્થાઓના લાભાર્થી કર્મચારીઓને એપોઈન્ટમેન્ટ લેટર પણ એનાયત કરાયા હતા. નવી દિલ્હીથી દેશવ્યાપી કાર્યક્રમને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે આ યોજના માત્ર એક સામાન્ય રોજગાર યોજના નથી, પરંતુ પ્રથમ વખત સંગઠિત ક્ષેત્રમાં નોકરી મેળવનારા યુવાનોના સપનાને શક્તિ આપનનારું અને ઉદ્યોગો વચ્ચે એક મજબૂત સેતુ બનાવનારું રાષ્ટ્રીય અભિયાન છે. જ્યારે સરકાર, દેશનું યુવાધન અને ઉદ્યોગ જગત એકસાથે મળીને આગળ વધે છે ત્યારે રોજગાર સર્જનની ગતિ દેશમાં અનેક ગણી વધી જાય છે. વડાપ્રધાનશ્રીએ યોજનાની સફળતાના અધિકૃત આંકડા રજૂ કરતા જણાવ્યું હતું કે, આ યોજનાના સહયોગથી અત્યાર સુધીમાં દેશભરમાં આશરે ૭૦ લાખ જેટલી નવી નોકરીઓનું સર્જન થયું છે અને આશરે ૭૦ લાખ જેટલા જ પ્રથમ વખતના કર્મચારીઓને સામાજિક સુરક્ષા (સોશિયલ સિક્યોરિટી) નું કવચ પ્રાપ્ત થયું છે, જેમાંથી અંદાજે ૨૦ લાખ યુવાનો પોતાની પ્રથમ નોકરીના પ્રથમ ૬ મહિના પૂર્ણ કરી ચૂક્યા છે. પ્રથમ નોકરીના ૬ મહિના પૂર્ણ કરનારા પાત્રતા ધરાવતા આશરે ૧૦ લાખ જેટલા યુવા લાભાર્થીઓના બેંક ખાતામાં પ્રોત્સાહક સહાય રાશિ સીધી જમા કરાવવામાં આવી છે. આ રાશિ યુવાનોના પરિશ્રમનું સન્માન છે અને વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને 'વિકસિત ભારત' બનાવવાના સંકલ્પને સાકાર કરવામાં દેશની આ ઊર્જાવાન યુવા શક્તિ જ સૌથી મહત્વની ભૂમિકા ભજવશે.

ગુજરાત રાજ્યના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર રાજ્યમંત્રી કાંતિભાઈ અમૃતિયાએ પ્રાસંગિક પ્રવચન આપતા જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદ્રષ્ટિના પરિણામે આજે દેશભરના ઉદ્યોગકારો અને કર્મચારીઓને સહાય સીધી ખાતામાં મળી રહી છે, જે પ્રજાના નાણાંનો સદઉપયોગ દર્શાવે છે.

તેમણે ઉમેર્યું હતું કે, રાજ્ય સરકાર પોતાની નવી ઉદ્યોગ નીતિ અને રોજગારલક્ષી પ્રયાસો દ્વારા યુવાનોને વધુમાં વધુ તકો અને યોજનાકીય લાભો ઉપલબ્ધ કરાવવા માટે કટિબદ્ધ છે.

અમદાવાદના મેયર હિતેશભાઈ બારોટે આ પ્રસંગે જણાવ્યું હતું કે, જનતાની વચ્ચે રહીને સૌથી વધુ સમય સુધી શાસન કરવાનો ઐતિહાસિક રેકોર્ડ ધરાવતા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ અને દીર્ઘદ્રષ્ટિના કારણે આજે ગુજરાતમાં ટ્રેનથી લઈને પ્લેન સુધીનું નિર્માણ થઈ રહ્યું છે. વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં શરૂ કરાયેલી આ યોજનાનો મુખ્ય હેતુ દેશના નાગરિકોને વધુમાં વધુ રોજગારી પૂરી પાડીને આત્મનિર્ભર બનાવવાનો છે, તેથી વધુમાં વધુ લોકો આ યોજનાનો લાભ લે તે આપણી સૌની જવાબદારી છે.

અમદાવાદના સાંસદ હસમુખભાઈ પટેલે પોતાના ઉદબોધનમાં જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી વિકસિત ભારત રોજગાર યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય દેશના યુવાધનને સંગઠિત ક્ષેત્રમાં વધુમાં વધુ રોજગારી પૂરી પાડવાનો છે. તેમણે વટવા સહિત ગુજરાતની તમામ ઔદ્યોગિક વસાહતોના ઉદ્યોગપતિઓને અપીલ કરી હતી કે, ગુજરાતને એક મોટું મેન્યુફેક્ચરિંગ હબ બનાવવા માટે આપણી સામાજિક જવાબદારીના ભાગરૂપે વધુમાં વધુ યુવાનોને સંગઠિત ક્ષેત્ર સાથે જોડીએ.

અત્રે ઉલ્લેખનીય છે કે આ યોજના અંતર્ગત સહાય વિતરણથી દેશમાં ૧૫ લાખથી વધુ લોકોને વધારાની રોજગારી મળવાની આશા છે, જ્યારે ૯૯,૪૪૬ કરોડના કુલ બજેટ સાથે આગામી બે વર્ષમાં દેશભરમાં ૩.૫ કરોડથી વધુ નવી રોજગારીની તકો ઊભી કરવાનો લક્ષ્યાંક છે. આ દેશવ્યાપી પહોંચના ભાગરૂપે આજે દેશભરમાં ૨૦૦ સ્થળોએ પ્રાદેશિક કાર્યક્રમો યોજાયા હતા, જેમાં ગુજરાત ઝોન દ્વારા રાજ્યભરમાં ૧૦ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં લાભાર્થી એમ્પ્લોયર્સે પણ પોતાના હકારાત્મક અનુભવો વર્ણવ્યા હતા.

# સચિને બતાવી ટ્રાવેલ પેકિંગની ખાસ રીત, ભાખરવડી અને નાસ્તો પણ પેક કર્યો, લાંબી મુસાફરી માટે કરી આ રીતની પેકિંગ

**નવી દિલ્હી, તા.20**

આપણે બધા જ પ્રવાસ કરવાનું ખૂબ પસંદ કરીએ છીએ, પરંતુ જ્યારે પ્રવાસની ઝીણવટભરી બાબતો જેવી કે આખું આયોજન કરવું, બુકિંગ કરવું અને સૌથી મહત્ત્વનું એટલે કે સામાન પેક કરવો. ત્યારે આપણામાંથી ઘણા લોકો તેને સ્માર્ટલી કે ઝડપથી કરી શકતા નથી. મુસાફરી માટે પેકિંગ કરવું એ માત્ર એક સામાન્ય કામ નથી, પરંતુ શું સાથે લેવું અને શું ઘરે મૂકીને જવું તે નક્કી કરવું વધુ તણાવપૂર્ણ હોય છે. પરંતુ સચિન તેંડુલકર માટે આ એક એવું કામ છે જેને તેઓ સૌથી વધુ માણે છે. તાજેતરમાં જ એક ઈન્સ્ટાગ્રામ વીડિયોમાં સચિન તેંડુલકરે તેમની લગેજ પેક કરવાની અદ્દભુત કળા દર્શાવી છે, જેમાંથી આપણા બધાને ઘણું શીખવા મળી શકે છે.



**વીડિયોમાં સચિને શું કહ્યું?**

